Registered Under Rni No. GUJGUJ/2010/30943
Under Postal Regd. No. GAMC - 1745/2023-2025 Issued By SSP, Ahmedabad Valid Upto 31/12/2025
Published At 1st Of Every Month Permitted To The Post Of A'bad PSO On 3rd Of Every Month
License To Post Without Prepayment No.: PMG/NG/129/2024-2025 Valid Upto 31.12.2025

# યુવા સાથી


(Yuva Saathi Gujarati Monthly)



## UCC

## મુસ્લિમોને પ્રતાડિત કરવાનું લેટેસ્ટ શસ્ત્ર

VOL. NO. 16, ISSUE NO. 03 ₹25 MARCH 2025




એક અવાજ – એક ઉમંગ – એક ચળવળ
જેમના માથે ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી છે
એવા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું
એકમાત્ર ગુજરાતી સામયિક યુવાસાથી

સત્ય અને ન્યાયનો વાહક
તટસ્થ અને નીડર વિશ્લેષણ
પ્રગતિ અને સમૃદ્ધિનો વાહક
શાંતિમય સમાજના નિર્માણ માટે
બાળકોના નૈતિક ઘડતર માટે
યુવાનોને સાચી દિશા ચીંધનાર
યુવાનોના દિલની ધડકન

તમારા આ નિષ્ઠાવાન પ્રયત્નોના લીધે આ હૃદયપૂર્વકનો અવાજ દેશના ખૂણે-ખૂણે ગૂંજી ઊઠશે. ઈન્શાઅલ્લાહ.

**વાર્ષિક લવાજમ : રૂ.૩૦૦/-**
**ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૭૫૦/-**

**મેનેજર, યુવાસાથી ગુજરાતી માસિક : બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, ૧૩૨ ફુટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ -૩૮૦૦૫૫ | M. 9510008614**

**YUVASAATHI (GUJARATI MONTHLY)**
BANK A/C. NO.: **163110100029661 - (Only NEFT)**
BANK: **BOMBAY MERCANTILE CO-OP BANK LTD**
IFSC CODE: **BMCB0000039**
AFFILIATED : **AXIS BANK LTD**

UPI ID: rashidhussain.jih@oksbi

**આપની જાહેરાત તેમજ સ્પે. ડોનેશન આપી “યુવાસાથી”ને સદ્ધર બનાવી સમાજના નવનિર્માણમાં આપનો સાથ-સહકાર આપો.**

માસિક
# યુવા સાથી
સત્યનો સારથિ

વર્ષ : ૧૬, અંક : ૦૩ | માર્ચ ૨૦૨૫ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

**સંપાદક મંડળ**

**• એડિટર •**
જાવેદઆલમ કુરૈશી

**• મેનેજીંગ એડિટર •**
રાશિદ હુસૈન

**• સભ્યો •**
જાબિર માનીગર
ઈબ્રાહીમ શેઠ
ડો. સાકિબ મલિક
રાશિદ કુરૈશી
ઈમરાન રાજપૂત
નદીમ રાજપૂત
ડો. તસનીમ વ્હોરા
મલિહા ફાતિમા

95 1000 8614
yuvasaathi.monthly@gmail.com

**વાર્ષિક લવાજમ :** રૂ.૩૦૦/-

**ત્રિવાર્ષિક લવાજમ :** રૂ. ૭૫૦/-

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMI ORGANISATION OF INDIA, GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

## ગઝલ

સમજદાર કદમને વિચારી ભરે છે
વધુ હું કહું તો ખુમારી ખરે છે

નયન મે નિચોવી તૃષાને છીપાવી
અગન દિલ મહી જે ન ઠારી ઠરે છે

મળે ભાસ થાશે છું કોમળ મુલાયમ
અમસ્તાજ દુનિયા બિચારી ડરે છે

અરિસો બતાવે ખબર એજ સાચી
પૂછો કેમ ઈચ્છા અમારી મરે છે

હું જાણીને હારૂ રહો ખુશ તમે કે
સફળતા નજરમાં તમારી તરે છે

બનીએ જીગરજાન બહુ રૂપિયાઓ
ફસાવી નવાએ શિકારી ફરે છે

લૂટાવે ખજાનો ગરીબોની ખાતીર
દિલાવર દિલોપર સવારી કરે છે

‘રસીદ’ અંત કેવો જવા હાથ ખાલી!
કે ભાથા વગર તો ભિખારી મરે છે.

••• ‘રસીદ’ મજાદરી •••
રજબ. ૨૦૨૫

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.

## અનુક્રમણિકા


**૦૫**

**કુર્આન બોધ**
રસાઈલ મિનલ કુર્આન

**૦૬**

**મનોમંથન**
મનોરંજન કે અનૈતિકતા? સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે?

**૦૭**

**પૈગામ**
લગ્નપ્રથાને મુશ્કેલ બનાવતા પરિબળો અને તેના ઉકેલ

**૧૦**

**પ્રશિક્ષણ**
રમઝાન, તકવા અને સમાજ

**૧૩**

**ચકચાર**
UCC: મુસ્લિમોને પ્રતાડિત કરવાનું લેટેસ્ટ શસ્ત્ર

**૧૬**

**શૈક્ષણિક ચિંતન**
ગુજરાત શિક્ષણ સુધારા અધિનિયમ ૨૦૨૧

**૧૮**

**વિશેષ ચર્ચા**
ડિજિટલ ક્રાંતિ : દુનિયા ખૂબ ઝડપથી બદલાઈ રહી છે

**૨૦**

**મૂળ પ્રશ્ન**
બ્રાહ્મણોના વંશીય ગર્વના ઊંડા મૂળ

**૨૨**

**સુર્ખિયોં સે આગે**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાત

**૨૫**

**ચિંતન-મનન**
સામાજિક નૈતિકતાના કેટલાક મહત્ત્વના પાસાં

**૨૯**

**સૌંદર્ય બોધ**
આત્માવલોકનના કારક

**૩૨**

**ઉજ્જવળ**
વિક્ષિપ્ત મનનું બી

**૩૪**

**બાળજગત**
અડધી ભાગીદારી


WWW.YUVASAATHI.COM



## તે જ લોકો અલ્લાહ તરફથી માર્ગદર્શન પામેલા હતા, તેમના જ માર્ગે તમે ચાલો. (સૂરઃ અન્આમ, આયત-૯૦)

**હે મારા રબ!**
**હું એટલી સારી રીતે નમાઝ નથી પઢી શકતો, જેટલી સારી રીતે પઢવી જોઈએ.**
**ન તો હું એટલા વધુ રોઝા રાખી શકું છું જેટલા હઝરત દાઉદ અ.સ. રાખતા હતા.**
**ન તો મારામાં હઝરત ઐયૂબ અ.સ. જેવું ધૈર્ય છે,**
**ન તો હું એ રીતે તસ્બીહ બયાન કરી શકું છું જે રીતે હઝરત યૂનુસ અ.સ.એ માછલીના પેટમાં તસ્બીહ બયાન કરી હતી.**
**ન તો મારામાં હઝરત યાહ્યા અ.સ. જેવી અડગતા છે.**
**ન તો હું પોતાની નજરોની એ રીતે સુરક્ષા કરી શકું છું**
**જે રીતે હઝરત યૂસુફ અ.સ.એ પોતાના સંપૂર્ણ અસ્તિત્વની સુરક્ષા કરી હતી.**
**અને ન તો મારી અંદર એટલી ઉદારતા છે કે હું દુઃખ આપનારાઓને કહી શકું કે જાઓ, "તમે બધા આઝાદ છો."**
**પણ હે મારા રબ! હું તે બધાની જેમ તમારાથી ખૂબ પ્રેમ કરૂં છું**
**અને તેમના માર્ગ પર ચાલવાનો સંકલ્પ રાખું છું!**

**(સૌજન્ય પુસ્તક : રસાઈલ મિનલ કુર્આન)**

✍ જાવેદ આલમ કુરૈશી

# મનોરંજન કે અનૈતિકતા? સમાજ કઈ દિશામાં જઈ રહ્યો છે?

છેલ્લા કેટલાક દિવસોમાં 'ઇન્ડિયાઝ ગોટ લેટેંટ' શોમાં રણવીર અલાહાબાદિયાના અભદ્ર અને શરમજનક ટિપ્પણીઓ અંગે સમગ્ર દેશમાં મોટો વિવાદ ઊભો થયો. મામલો એટલો આગળ વધ્યો કે સરકાર અને કોર્ટને પણ દખલ દેવી પડી. 'ઇન્ડિયાઝ ગોટ લેટેંટ' શો સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈનાએ યૂટ્યૂબ પર શરૂ કર્યો હતો. સમય રૈના તેની કોમેડીમાં એડલ્ટ જોક્સ અને અપશબ્દો વધુ વાપરે છે. આ શો પણ આવી જ સામગ્રીથી ભરેલો હતો અને ખૂબ જ લોકપ્રિય થઈ ગયો હતો.

સમય રૈના જેવા લોકો અને તેમના શોની લોકપ્રિયતા આપણા સમાજની એક કડવી હકીકત છે. તાજેતરમાં, સમય રૈનાને 'કૌન બનેગા કરોડપતિ' જેવા મોટા શોમાં આમંત્રિત કરી 'પ્રસિદ્ધ યુથ આઈકન' તરીકે રજૂ કરવામાં આવ્યો. આવા લોકોની લોકપ્રિયતા એ દર્શાવે છે કે બાળકો, યુવાનો, પુરુષો, મહિલાઓ અને વડીલો બધાજ આ અનૈતિક પ્રવૃત્તિઓમાં ફસાઈ રહ્યા છે.

મનોરંજન અને સ્ટેન્ડ-અપ કોમેડીના નામે ગાળો આપવી, ભદ્દી વાતો કરવી, નીચ હરકતો કરવી અને માતા-પિતાના પવિત્ર સંબંધોને પણ શરમજનક બનાવી દેવા, આ એક અત્યંત નિંદનીય કૃત્ય છે. આ બાબત પર જેટલું ખેદ વ્યક્ત કરાય તેટલું ઓછું છે. આ વસ્તુઓ સામાન્ય બનવી એ સાબિત કરે છે કે સમાજનો યુથ ભટકાઈ રહ્યો છે અને ભારતીય સમાજ નૈતિક સંકટમાંથી પસાર થઈ રહ્યો છે.

ભારત જેવા ધર્મપ્રધાન દેશમાં જ્યાં નૈતિકતા માટે લોકો વધુ જાગૃત હોવા જોઈએ, ત્યાં જાહેરમાં નૈતિક મૂલ્યોનો નાશ થવો ખૂબ જ ચિંતાજનક છે. દુર્ભાગ્યવશ, ભારતમાં રાજકીય અને સામાજિક નેતાઓએ સામાન્ય નાગરિક પર તણાવ એટલો વધારે નાખી દીધો છે કે તે આ પ્રકારના ગંભીર મુદ્દાઓ પર વિચારવાનું બંધ કરી દીધું છે, અથવા તો આ મુદ્દાઓ પર વિચારવા જ નથી ઇચ્છતો.

જો કે, હાલની પરિસ્થિતિ હજી પણ સંપૂર્ણપણે નિરાશાજનક નથી. સમગ્ર દેશમાં આ મુદ્દા ને લઈને જે ભારે રોષ દેખાયો છે તે જોઈને આપણને એક મોટો અને ઊંડો સંદેશો મળે છે કે માનવીય સ્વભાવ કદી સંપૂર્ણ રીતે ભ્રષ્ટ થતો નથી. કોઈક ને કોઈક દિવસે માનવીય સ્વભાવ તેના સામૂહિક ચેતના (Collective Conscious) સાથે દુષ્ટતાના વિરોધમાં અવાજ ઉઠાવે છે. ભલાઈ અને સારા કામ કરનારાઓ માટે આ ખૂબ જ આશાવાદી સંદેશો છે, જે તેમને નિરાશાથી બચાવે છે અને વધુ કામ કરવાની પ્રેરણા આપે છે.

બીજી મહત્વની વાત એ છે કે આ સમગ્ર એપિસોડ દ્વારા ભારતમાં નૈતિકતાની ચર્ચા ઉદ્ભવી જોઈએ. આજકાલ આપણી યુવાપેઢી અનૈતિકતા તરફ વળી રહી છે અને સમાજમાં આવી પ્રથાઓ ધીમે ધીમે સામાન્ય બની રહી છે, જેની સામે એક મોટું આંદોલન ઉભું કરવાની જરૂર છે. નૈતિકતા શું છે? તેની હદો ક્યાં સુધી છે? તેનું મહત્વ અને જો તેનું પાલન કરવામાં ન આવે તો જે પરિસ્થિતિ ઊભી થશે તેના ગંભીર પરિણામો સમજી લેવાની જરૂર છે.

સરકાર દ્વારા આ મુદ્દાને ધ્યાનમાં લેવાઈ રહ્યો છે, જે આવકાર્ય છે. સરકાર અને અદાલતને નૈતિક મૂલ્યો પ્રત્યે આવી જ સંવેદનશીલતા અને ઝડપ દાખવવી જોઈએ. જો પ્રારંભિક તબક્કામાં જ આ મુદ્દાને ગંભીરતા પૂર્વક લેવામાં આવ્યો હોત, તો આવી દુર્ઘટનાઓ ટાળી શકાય હોત. બહરહાલ, ઉર્દૂમાં એક કહેવત છેઃ 'દેર આયે, દુરૂસ્ત આયે.' કોર્ટ દ્વારા સરકારને ભલામણ કરવામાં આવી છે કે સોશિયલ મીડિયા પર આવા કન્ટેન્ટને નિયંત્રિત કરવા માટે પગલાં લેવામાં આવે. હવે જોવાનું એ રહેશે કે મોદી સરકાર ફ્રીડમ ઓફ સ્પીચ (અભિવ્યક્તિની સ્વતંત્રતા)ના નામ પર ફેલાતા અભદ્ર ભાષા, વ્યભિચાર અને અશ્લીલ સામગ્રીને નિયંત્રિત કરે છે કે નહીં. કે પછી આ બહાને દરેક વિરોધી અવાજો (Dissent Voice)ને પણ દબાવવાનો પ્રયાસ કરવામાં આવશે, જે સરકારને જવાબદાર ઠરાવવા અને દેશને સંવિધાનિક રીતે ચલાવવા માટે ઉઠે છે...! •••

# લગ્નપ્રથાને મુશ્કેલ બનાવતા પરિબળો અને તેના ઉકેલ



સમગ્ર સંસારમાં પ્રાણીઓ અને માનવોમાં એક મહત્ત્વનો તફાવત તેમની જીવન પદ્ધતિ છે. માનવ સમાજમાં રહે છે જયારે પ્રાણીઓનું સામાજિક અસ્તિત્વ શક્ય જ નથી. માનવ પાસે તે બધી વૃત્તિઓ છે જે બીજા કોઈ પણ સજીવ પાસે હોઈ શકે. તમામ સજીવોમાં મનુષ્ય ચઢીયાતો એટલા માટે છે કે તેની પાસે કેટલીક વિશેષ ખૂબીઓ છે. તે બુધ્ધિ અને કર્મની સ્વતંત્રતા ધરાવે છે. અલ્લાહે જ બધા સજીવોનું સર્જન કર્યું છે. એ તમામ સર્જનોમાં માત્ર મનુષ્ય પાસે જ્ઞાનનું અમૂલ્ય ધન છે, જેના આધારે તે એવા એવા ઊંચા કાર્યો કરી ગુજરે છે કે જેને જોઈને મનુષ્ય પોતે પણ આશ્ચર્યમાં પડી જાય છે. શું મનુષ્યને એ વિશિષ્ટતા એટલા માટે આપવામાં આવી છે કે તે તેનો ઉપયોગ કરી પ્રાણી જેવી વૃત્તિઓને ઉચ્ચતમ બિંદુ સુધી વિકસિત કરે? કે પછી તેનો બીજો કોઈ ધ્યેય છે! આ વિષયે આપણે વિચારવું જ રહ્યું.

પ્રાણીઓને સમાજની કે કુટુંબની જરૂર ન હોવાથી તેમની વચ્ચે લગ્ન જેવી કોઈ પ્રથા નથી, ન સંબંધોની કોઈ સુગંધ પ્રસરે છે, અને પવિત્રતાનો કોઈ ખ્યાલ પણ ત્યાં મોજૂદ નથી. પ્રકૃતિના જીવન ચક્રને બનાવી રાખવા માટે પોતાના વંશને આગળ ધપાવવા તેમની જોડ મળે છે અને ઉદ્દેશ્ય પૂર્ણ થતાં છૂટા પડે છે. પ્રાણીઓમાં જે વૃત્તિઓ કુદરતે મૂકી છે તે પણ નિશ્ચિત અને નિયંત્રિત છે. પરંતુ માનવને કોઈ બાહ્ય શક્તિ નિયંત્રિત કરતી નથી તેનો અધિકાર અલ્લાહે મનુષ્યને પોતાને જ આપ્યો છે. માનવ ઉત્પત્તિના આરંભથી જ સ્ત્રી પુરૂષ મળીને પરિવારની રચના કરતાં આવ્યા છે. મનુષ્યમાં બીજી વૃત્તિઓની તુલનામાં કામેચ્છા વધુ પ્રબળ છે. જો આ વૃત્તિ ન હોત તો કદાચ માનવ સમાજ ક્યારનો સમાપ્ત થઈ ગયો હોત. અને જો આ વૃત્તિ ઉપર કોઈ નિયંત્રણ ન રાખવામાં આવે તો વ્યક્તિ અતિરેકના દરિયામાં ડૂબીને નષ્ટ થઈ જશે. તેથી માનવ વંશની વૃદ્ધિ અને કામેચ્છાની પૂરતી માટે સમાજે એક વ્યવસ્થા ઊભી કરી જેને નિકાહ કે લગ્ન તરીકે ઓળખવામાં આવે છે. આ રૂઢિ ધર્મ સંચાલિત છે.

નિકાહ કે શાદીના ચોક્કસ ઉદ્દેશ્યો છે તે માત્ર કામેચ્છાની પૂરતી માટે નથી, પરંતુ એક બીજાની સારસંભાળ અને બાળકોના શિક્ષણ-પ્રશિક્ષણની એક પારિવારિક વ્યવસ્થા છે. એક પ્રકારનો સામાજિક કરાર છે. જો કામેચ્છા જ વ્યક્તિનું લક્ષ્ય બની જાય તો પછી તે એવા માર્ગે તેની પૂરતી કરશે કે પ્રાણીઓથી પણ નીચી કક્ષાએ પહોંચી જશે અને સમલૈંગિકતા, કે પ્રકૃતિ વિરુદ્ધની ચેષ્ટા, કે પશુઓ સાથે પોતાની ઈચ્છા પૂર્ણ કરવાથી પણ રોકાશે નહીં. જેના

લીધે સમાજમાં અશ્લીલતા, અનૈતિકતા, નગ્નતા અને નિર્લજ્જતાનું પ્રમાણ વધશે. આ પારિવારિક વ્યવસ્થા જેટલી પ્રબળ અને મજબૂત હશે સમાજ પણ તેટલો મજબૂત બનશે. આ પરિવાર જ છે જ્યાં માનવનું નિર્માણ થઈ શકે છે. પારિવારિક વ્યવસ્થા જેટલી સુંદર હશે સમાજમાં નૈતિકતાનું સ્તરપણ તેટલુંજ ઊચ્ચ હશે.

નિકાહ, શાદી કે લગ્ન એ પવિત્ર સામાજિક અને ધાર્મિક વ્યવસ્થા છે, જેના લીધે પરિવાર બને છે અને વિકસિત થાય છે. આ રસમ જેટલી સરળ હશે, તેટલી સમાજમાં શારીરિક દિશાહીનતા અને અનૈતિક્તાનું પ્રમાણ ઘટશે. આજે અફસોસ સાથે કહેવું પડે છે કે આપણા સમાજમાં હાઈ પ્રોફાઈલ લગ્નની હવા ચાલી છે. લોકો લાખો કરોડો રૂપિયા એક શાદીમાં ખર્ચી નાખે છે. માલદાર વ્યક્તિ પોતાના માલનો દેખાડો કરે છે અને ગરીબ વ્યક્તિ ક્યાંક મજબૂરીમાં તો ક્યાંક માલદારીનો ભ્રમ પેદા કરવાનો પ્રયાસ કરે છે. પરિસ્થિતિ આ છે કે વ્યક્તિ પાસે પોતાની પુત્રીના લગ્ન કરવા માટે પેસા ન હોય તો તે ઊંચા વ્યાજે લોન લે છે. અને પછી દીકરીની વિદાયની સાથે તેની ઇજ્જત પણ જતી રહે છે. યાદ રાખો કે લગ્ન એ કોઈ એવી સિધ્ધિ નથી કે તેના માટે વિશેષ ઈવેન્ટ ગોઠવવી પડે. વડીલો ખૂબ જ સરળ અને સાદાઈથી પોતાના સંતાનોના લગ્ન કરી શકે છે.

આજે સમાજની વાસ્તવિક પરિસ્થિતિ આ છે કે દીકરી પુખ્ત થતાં હજારો માતા પિતાની ઊંઘ હરામ થઈ જાય છે. બલ્કે તેના જન્મ સાથે જ વીમો કરવી લે છે. આ પણ કટુ સત્ય છે કે આપણા દેશમાં સ્ત્રી પુરુષ અનુપાતમાં થતા ધરખમ ઘટાડા પાછળ એક મુખ્ય કારણ દહેજ પ્રથા છે. આ સામાજિક કેન્સર દર વર્ષે હજારો દીકરીઓની જાન લઈ લે છે. ઘરેલુ હિંસા પાછળનું એક કારણ પણ દહેજપ્રથા સાથે જોડાયેલું છે. NCW વેબસાઈટ પરથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીના ડેટા પરથી જાણવા મળે છે કે ૧૭% (૪,૩૮૩) ફરિયાદો દહેજ ઉત્પીડન સંબંધિત હતી, જ્યારે દહેજના કારણે થતા મૃત્યુના ૨૯૨ અહેવાલો હતા. આવી જ રીતે સ્ત્રી પુરુષ અનુપાત પણ ૧૦૦૬ સામે ૧૦૦૦ સ્ત્રીઓનું છે. અને તે જ રીતે સ્ત્રી ભ્રુણ હત્યાનું પ્રમાણ વાર્ષીક ૯ મિલિયન છે. તેનું એક કારણ પણ દહેજ પ્રથા જ છે. આવા જ કેટલાક કારણો છે જેના લીધે દહેજ પ્રથા ને સંપૂર્ણપણે નાબૂદ કરવાની જરૂર છે.

**પૈસા પાણીની જેમ વહેવડાવીને ખોટી શાન ઊભી કરવાની જરુર નથી અને ન માલદારોએ પોતાના ઠાઠ દેખાડવાની જરૂર છે. ન લગ્ન માટે વ્યાજથી કર્જ લેવાની જરુર છે. ન રીવાજ પૂર્ણ કરવાના ખોટા ખર્ચા કરવાની જરૂર છે. પોતાની શક્તિ મુજબ એવી રીતે વલીમા કરવાની જરૂર છે, જેમાં કોઈ પ્રકારનો નિરર્થક વ્યય કે દેખાડો ન હોય.**

તેના સિવાય પણ કેટલીક એવી પ્રવૃત્તિઓ પણ સમાજમાં પ્રચલિત થઇ છે જે પશ્ચિમી સંસ્કૃતિથી આયાત કરેલી છે, જેમ કે બેચલર પાર્ટી, bride to be કે groom to be વગેરે... તેમાં યુવાન મિત્રો મળીને જે બીભત્સતા આચરે છે તે સહુ જાણે છે. આ બધા કુરિવાજોને બાય બાય કરવું જોઈએ. લગ્ન પ્રથા સાથે કેટલાક અંધ વિશ્વાસ પણ જોડાયેલા છે. જેમ કે દુલ્હાનું કટારી લઈને ફરવું, વિદાય સમયે ગાડીના વ્હીલ નીચે નારિયેળ ફોડવું, કોઈ જગ્યાની માનતા ભરવી, ઘરમાં દુલ્હનના પ્રવેશ સમયે મરઘી ઉપર નજર ઉતારી કુરબાન (બલી) કરવી, વગેરે. આ બધી કુપ્રથાઓમાં પૈસા ખર્ચ થાય છે. આ પૈસા બચાવી કલ્યાણના કાર્યોમાં ઉપયોગ કરી શકાય.

સમાજના અસરદાર લોકોએ એવી શાદીઓથી દુર રહેવું જોઈએ. જ્યાં આવી કુપ્રથાઓ અને પૈસાનો વ્યય થતો હોય.

જ્યાં સુધી ઈસ્લામની વાત છે, તો ઈસ્લામ એ પસંદ નથી કરતો કે માણસ કામેચ્છાની પૂરતી માટે ખોટા માર્ગ અપનાવે. તેથી જ તેમાં વ્યભિચાર અને બળાત્કારની સખત સજાનું પ્રાવધાન છે. ઈસ્લામી શિક્ષણ આ છે કે વ્યક્તિ પુખ્ત થઈ જાય તો લગ્ન કરી લે કે જેથી સમાજમાં નિર્લજ્જતા અને અનૈતિકતાને ન્યૂનતમ કરી શકાય. અને કોઇ પણ ઉંમરે તે એકલો ન રહે પણ લગ્ન કરી લે. હઝરત મુહમ્મદ સ.અ.વ.એ ફરમાવ્યું કે સૌથી શ્રેષ્ઠ લગ્ન તે છે જે ખર્ચની દષ્ટિએ સરળ હોય. અને એક રિવાયત છે જેનો ભાવાર્થ છે કે દીકરી બરકત વાળી છે તેની નિશાની આ છે કે તેની નિકાહ અને મહર સરળ હોય.

ઈસ્લામમાં નિકાહની પ્રાથમિક જરૂરિયાત ઈમાન છે. એટલે આંતર ધર્મિય લગ્ન માટે ઈસ્લામમાં કોઈ સ્કોપ નથી. ઈસ્લામે એટલી હદે સામાજીક પવિત્રતાની વ્યવસ્થા કરી છે કે તે મંગેતર સાથે હરવા ફરવા કે ખાનગી વાતો કરવાનું પણ હરામ ઠેરવે છે. તથા બેપરદગીની પણ મનાઈ ફરમાવે છે. લગ્ન મંડપમાં આ બેપરદગીના કિસ્સા વધારે જોવા મળે છે.

માલ, અલ્લાહની મોટી ને'મત છે તેનો દુરુપયોગ ન થવો જોઈએ. લગ્નના સમય વ્યકિત દારૂખાનામાં, દેખાડો કરવામાં, વિવિધ જાતની વાનગીઓ ખવડાવવામાં અને ડેકોરેશનમાં હદથી વધારે ખર્ચ કરે છે, જે ખોટું છે. હરામ વસ્તુઓ, કોઈ પણ સમયે ખાવી પીવી હરામ જ છે. ઈસ્લામ ખુશી મનાવવાથી નથી રોકતો, પરંતુ અલ્લાહની નિર્ધારિત કરેલ સીમાઓને તોડવાથી રોકે છે. સ્ત્રી પુરુષની ઓળખને પણ ઈસ્લામ જુદો રાખે છે. પુરુષનું હલ્દી કે મહેંદી લગાવવું કે રેશમના વસ્ત્રો અને સોનાના આભૂષણો પહેરવું યોગ્ય નથી.

આપણે વિચાર કરીએ કે મુસલમાનો આજે શૈક્ષણિક, સામાજિક, રાજનૈતિક અને વ્યવસાયિક ક્ષેત્રે હાસિયાંમાં ધકેલાઈ ગયા છે. તેમની સમસ્યાઓને દુર કરવા માટે એક મહત્વની વસ્તુ માલ છે. મુસલમાનોમાં એક શહેરમાં એક અંદાજ મુજબ વાર્ષિક ૧૦૦૦ લગ્ન થતાં હશે. જો માત્ર એક લગ્નમાંથી ૫ લાખ રૂપિયા બચાવી શકાય તો તેમની પાસે દર વર્ષે ૫૦ કરોડ રૂપિયા એકત્રિત થાય. અને આ ભંડોળ દ્વારા તેઓ સમાજ કલ્યાણના ઘણા બધાં કાર્યો કરી શકે.

સાદાઈથી લગ્ન કરવાનો રિવાજ પ્રચલિત કરવો જોઈએ અને તેના માટે એક સુંદર રીત આ હોઈ શકે કે નિકાહ મસ્જિદમાં કરવામાં આવે.જેથી તેઓ લગ્ન મંડપ અને બીજા અશોભનીય કૃત્યોથી બચી જાય. દીકરીવાળા પોતાની હૃદયસમી પુત્રીને વિદાય કરે એ ક્ષણ ખૂબ જ સખત હોય છે, તેમાં તેમની ઉપર બારાત, દહેજ, વિષેશ જમણવાર વગેરે વિવિધ પ્રકારનાં બોજા મૂકી આજમાઈશમાં ન મુકવા જોઈએ. વલીમો જોકે સુન્નત છે, પરંતુ તેમાં પણ અતિશયોક્તિ અને ધનનો વ્યય ન થવો જોઈએ. આપણા પાસે સ્વયં નબી સ.અ.વ.એ કરેલ પોતાનાં અને પોતાની દીકરીઓના નિકાહોના નમૂના છે. સામાન્ય અને તવંગર સહાબા રદી.ના ઉદાહરણો છે. તાબઈનથી માંડીને અત્યાર સુધીના ઘણા બધા દાખલાઓ છે કે તે લોકોએ કેટલી સરળતાથી પોતાના બાળકોનાં નિકાહ કર્યા. પૈસા પાણીની જેમ વહેવડાવીને ખોટી શાન ઊભી કરવાની જરુર નથી અને ન માલદારોએ પોતાના ઠાઠ દેખાડવાની જરૂર છે. ન લગ્ન માટે વ્યાજથી કર્જ લેવાની જરુર છે. ન રીવાજ પૂર્ણ કરવાના ખોટા ખર્ચા કરવાની જરૂર છે. પોતાની શક્તિ મુજબ એવી રીતે વલીમા કરવાની જરૂર છે, જેમાં કોઈ પ્રકારનો નિરર્થક વ્યય કે દેખાડો ન હોય.

વિશેષ રીતે ધનવાન લોકોને મારી વિનંતી છે કે તેઓ સાદગીથી નિકાહ કરવાને પ્રચલિત કરે, કેમકે મોટા ભાગે સમાજમાં ખોટા ખર્ચાની પ્રથા એ જ લોકો ઉભી કરે છે. ચાલો, એક અભિયાન છેડીએ. નિકાહને સરળ બનાવો, પૈસા બચાવો અને સમાજને સશક્ત બનાવો. •••


sahmed.yuva@gmail.com

**ધનવાન લોકોને મારી વિનંતી છે કે તેઓ સાદગીથી નિકાહ કરવાને પ્રચલિત કરે, કેમકે મોટા ભાગે સમાજમાં ખોટા ખર્ચાની પ્રથા એ જ લોકો ઉભી કરે છે. ચાલો, એક અભિયાન છેડીએ. નિકાહને સરળ બનાવો, પૈસા બચાવો અને સમાજને સશક્ત બનાવો.**

Prince Fabrication

PF

Akil bhai M. 9426584514
Ibrahim bhai M. 9723713519
Ismail bhai M. 9409407917



ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

205, LOKHANDWALI'S CHAWL, OPP. MOHAMMADI MASJID, RAKHIYAL ROAD, BAPUNAGAR, AHMEDABAD - 380024 (O) : 079 - 22742658

**પ્રશિક્ષણ**

✍ **ડૉ. મુહમ્મદ સલીમ પટીવાલા**



# રમઝાન, તકવા અને સમાજ

અલ્લાહનો આભાર કે ફરી એક વાર રમઝાનુલ મુબારકનો આ માનવંતો મહેમાન આપણાં આંગણે આવી પહોંચ્યો છે. આશા છે કે સૌએ આ રમઝાનની બરકતો અને રહમતોથી પોતાનું પાલવ ભરી લેવાની તૈયારીઓ કરી લીધી હશે.

રમઝાનુલ મુબારકનો મહીનો કુર્આનના અવતરણનો મહીનો છે. અને એટ્લે જ આ મહીનાની આટલી મહિમા છે અને આ મહીનામાં રોઝા રાખવાનો હુકમ કરવામાં આવ્યો છે. કુર્આનમાં રોઝાના ઉદ્દેશ્ય વિષે કહેવામાં આવ્યું છે કે: “ **હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! તમારા ઉપર રોઝા ફરજિયાત કરી દેવામાં આવ્યા જેવી રીતે તમારા પહેલા પયગંબરોના અનુયાયીઓ માટે ફરજિયાત કરી દેવામાં આવ્યા હતા તેનાથી આશા છે કે તમારામાં તકવા ( સંયમ) પેદા થાય**” (૨:૧૮૩).

આનો અર્થ એવો થયો કે અલ્લાહ રોઝા દ્વારા માનવીની અંદર તકવાનો ગુણ પેદા કરવા માંગે છે અને એટ્લે જ અલ્લાહે રોઝા અનિવાર્ય ઠેરવ્યા છે. અને પછી કુર્આનમાં એમ પણ કહેવામા આવ્યું કે આ ગ્રંથથી તેઓ જ લાભાન્વિત થઈ શકે છે અને માર્ગદર્શન પ્રાપ્ત કરી શકે છે જેઓ તકવાનો ગુણ ધરાવતા હોય. હવે વાત સ્પષ્ટ થઇ ગઈ કે રમઝાનમાં કુર્આન અવતરિત થયું, કુર્આન તકવાનો ગુણ ધરાવનાર માટે માર્ગદર્શન છે અને તકવાનો ગુણ રોઝાથી પ્રાપ્ત થાય છે એટ્લે રમઝાનમાં રોઝા ફરજિયાત કરવામાં આવ્યા.

આ સિવાય કુર્આનમાં રોઝાના બીજા બે ઉદ્દેશયો પણ વર્ણવામાં આવ્યા છે. કુર્આન કહે છે: “**જે માર્ગદર્શનથી અલ્લાહે તમને**

**“ હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! તમારા ઉપર રોઝા ફરજિયાત કરી દેવામાં આવ્યા જેવી રીતે તમારા પહેલા પયગંબરોના અનુયાયીઓ માટે ફરજિયાત કરી દેવામાં આવ્યા હતા તેનાથી આશા છે કે તમારામાં તકવા ( સંયમ) પેદા થાય” (૨:૧૮૩).**

**નવાજયા છે તેના માટે અલ્લાહની મહિમાની અભિવ્યક્તિ અને એકરાર કરો અને આભારી બનો.''** (૨:૧૮૫)

આ પ્રમાણે રોઝાના ત્રણ ઉદ્દેશયો થઈ ગયા.

૧) **તકવાનો ગુણ પેદા કરવો**

૨) **અલ્લાહની મહિમા પોકારવી**

૩) **અલ્લાહનો આભાર માનવો**

આજનાં આ લેખમાં આપણે તકવા વિષે અને વ્યક્તિ અને સમાજ પર તકવા થકી પડતા પ્રભાવ વિષે કેટલીક ચર્ચા કરીશું.

તકવા જેને આપણે સંયમ અથવા ઈશભય કહી શકીએ પણ તેનો અર્થ આના કરતાં ઘણો વિશાળ છે. તકવાનો આ ગુણ માનવતાનો મૂળભૂત ગુણ કહી શકાય એટ્લે જ કુર્આનમાં વારંવાર તકવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કુર્આનમાં ત્યાં સુધી કહેવામા આવ્યું છે કે માણસની શ્રેષ્ઠતાનો આધાર તેનો વંશ, વર્ણ, સત્તા કે સંપતિ નહીં પરંતુ તકવા છે. કુર્આનમાં કહેવામા આવ્યું છે કેઃ **''હકીકતમાં અલાહના નજીક તમારામાં સૌથી વધુ પ્રતિષ્ઠિત તે છે જે તમારામાં સૌથી વધુ તકવા (સંયમી, અલ્લાહથી ડરનાર) ધરાવતો હોય.''** (૪૯:૧૩)

તકવાના જુદા જુદા આયામ અને દરજ્જાઓ છે. સૌથી સામાન્ય અને પ્રાથમિક તકવા એ છે કે વ્યક્તિ કોઈ પણ સત્યને માની લેવા અને તેનું અનુસરણ કરવા તૈયાર હોય, બૂરાઈથી બચવાનો નિર્ધાર ધરાવતો હોય અને એ વાત સ્વીકારે કે મારી ઇન્દ્રિયો થકી પ્રાપ્ત જ્ઞાન સિવાય પણ આ સૃષ્ટિની કેટલીક વાસ્તવિકતાઓ હોઇ શકે છે. અને તકવાનો છેલ્લો દરજ્જો એ છે કે અલ્લાહની નારાઝ્ગીથી બચવા કેટલાક એવા કાર્યોથી પણ રોકાઈ જાય જેના ખોટા હોવાની કોઈ સાબિતી ન હોય, માત્ર સંશય અથવા શંકા જ હોય. અને આ બંને દરજ્જાઓ વચ્ચે તકવાના વિવિધ રંગોની આખી ચિત્રમાળા છે.

સામાન્ય શબ્દોમાં કહીએ તો તકવા માનવ જીવનના તે એહસાસ અને તે માનસિકતાનું નામ છે જેમાં તેને આ અનુભૂતિ દરેક સમયે રહેતી હોય કે અલ્લાહ મને જોઈ રહ્યો છે અને મારે કોઈ કામ એવું ન કરવું જોઈએ જેનાથી મને અલ્લાહ સામે શરમ અનુભવાય, અને અલ્લાહ મારાથી અપ્રસન્ન થઇ જાય. જેવી રીતે તમે કોઈ જગ્યાએ ગયા હોવ અને ત્યાં લખેલ હોય કે તમે સી સી ટી વી કેમેરાની નજર હેઠળ છો ત્યારે તમારી ભાવ ભંગિમા બદલાઈ જાય છે, તમારૂ આખું વ્યક્તિત્વ બદલાઈ જાય છે. આવી જ રીતે તમારામાં તે અહેસાસ ઊભો થાય કે અલ્લાહના કેમેરાઓ દરેક જગ્યાએ મારી ઉપર નજર રાખી રહ્યા છે, પછી હું કોઈ સભા કે સમ્મેલન માં હોઉં, મારા શયન કક્ષમાં હોઉં, મારી કોલેજ અથવા યુનિવર્સિટીમાં હોઉં, મારી દુકાને હોઉં કે સમાજની બીજી કોઈ પ્રવૃતિમાં હોઉં , અલ્લાહ મને જોઈ રહ્યો છે. કુર્આન કહે છેઃ **''કોઈ જીવ એવો નથી જેના ઉપર કોઈ દેખરેખ રાખનાર ન હોય''** ( ૮૬:૪). રોઝાથી આ જ ગુણ અપેક્ષિત છે. અને આ ગુણ ખરેખર જન્મે પણ છે. રોઝામાં દરેક રોઝાદાર આ **'અલ્લાહ જોઈ રહ્યો છે'**ની અનુભૂતિથી ભરેલ હોય છે. અને એટલે જ રોઝામાં એક નાનો બાળક પણ ખૂણામાં જઇ કોઈ ન જોતું હોય તે રીતે પાણીનો એક ઘૂંટડો પી શકે છે અને કોઈને જાણ પણ ન થાય. પણ તે આવું નથી કરતો કારણ તેનામાં **'અલ્લાહ જોઈ રહ્યો**

> **"**
>
> **જેવી રીતે મરણ શૈયા પર સૂઈ રહેલ વ્યક્તિની જાંચ કરવા માટે તેની નાક સામે અરીસો ધરવામાં આવે છે કે તેનો શ્વાસ ચાલી રહ્યો છે કે નહીં તે જોઈ શકાય. એવી રીતે કોઈ મૃત પ્રાય સમાજના જીવનની ખાતરી કરવી હોય તો તેને રમઝાનના મહીનામાં જોવામાં આવે કે તેમાં તકવાના કોઈ ગુણ દેખાય છે કે નહીં જો તેમા થોડું ઘણું પરીવર્તન પણ દેખાય તો સમજી શકાય કે હજુ તેની સાંસો ચાલી રહી છે. અને અલ્લાહનો આભાર કે આ રીતે આપણે જોઈએ છીએ કે હજુ આપણું સમાજ જીવિત છે અને તેને સંજીવન કરવાના પ્રયાસો આદરવામાં આવે તો સમાજ પુનર્જીવિત થઈ શકે છે.**

**છે'** ની ભાવના પ્રબળ થઇ ગયેલ હોય છે. હવે કલ્પના કરો કે આ ગુણ મોટા ભાગે લોકોમાં પેદા થઈ જાય તો તેવા લોકોથી બનેલ સમાજ કેવો હશે?

**મુસ્લિમ સમાજઃ** કોઈ પણ સમાજ તેની અંદર રહેલ વ્યક્તિઓના વિચારો, ઈચ્છાઓ અને આકાંક્ષાઓનો પ્રતિબિંબ હોય છે. તે સભ્યતા જે એક વિશેષ વિચારધારા દ્વારા વિકસિત થઈ હોય તેનો તાદશ્ય નમૂનો તે સમાજ હોય છે, જે એ સભ્યતાને વરેલ હોય.

રોઝા વ્યક્તિગત રીતે તકવાનો જે ગુણ દરેકે દરેક મોમિનમાં પેદા કરવા માંગે છે તે સામૂહિક રીતે તેના સમાજમાં પણ પ્રતિબિંબિત થવો જોઈએ. તેનો સમાજ પણ સંયમી, અલ્લાહથી ડરનાર, બધાની સેવા કરનાર, પીડિતો જોઈએ છીએ કે હજુ આપણું સમાજ જીવિત છે અને તેને સંજીવન કરવાના પ્રયાસો આદરવામાં આવે તો સમાજ પુનર્જીવિત થઈ શકે છે.

આધુનિક સમાજ એક એવા વળાંક પર ઉભો છે જ્યાં એક તરફ ભૌતિક પ્રગતિ ચરમસીમાએ પહોંચી રહી છે, અંતર ઘટી રહ્યા છે, અને સંદેશાવ્યવહારના માધ્યમોએ ખરેખર વિશ્વને એક વૈશ્વિક ગામ બનાવી દીધું છે, જ્યારે બીજી તરફ, સામાજિક દુર્ગુણોના વધતા પૂર સામે માનવ સભ્યતા મૃત્યુ પામતી હોય તેવું લાગે છે. સાર્વત્રિક રીતે ન્યાયી સહઅસ્તિત્વ પ્રણાલીના અભાવે આ વૈશ્વિક ગામમાં અરાજકતા ફેલાઈ છે.

ઈસ્લામી સમાજ પોતાના તકવાના ધરાવનાર લોકોના આ મુખ્ય લક્ષણોનું વર્ણન કર્યું છેઃ **લોકોથી ડરવું નહીં, પરંતુ અલ્લાહથી ડરવું, કારણ કે અલ્લાહનો જ અધિકાર છે કે તેનાથી ડરવું જોઈએ. લોકોના અધિકારોનું જતન, સગપણ અને સંબંધોની જાળવણી, અનાથ અને સમાજના કચડાયેલ લોકોનું રક્ષણ ઈસ્લામી સમાજનું પ્રાથમિક કર્તવ્ય છે.** બીજી જગ્યાએ કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે **"અને તકવા ધારણ કરો (બચો) તે ફિત્ના (ઉપદ્રવ)થી જેની આફત માત્ર તે જ લોકો સુધી સીમિત નહીં રહે જેમણે તમારા પૈકી ગુનો કર્યો હોય, અને જાણી લો કે અલ્લાહ સખત સજા આપનાર છે.."** (અલ-અન્ફાલઃ ૨૫)

**રમઝાનમાં પ્રણ કરીએ કે તકવાના વ્યક્તિગત અને સામુહિક ગુણો વિકસાવવાના પ્રયત્નો કરીશું અને રમઝાનમાં કુર્આનનાં આદેશ પ્રમાણે રોઝા અને ઈબાદત થકી મુસ્લિમ સમાજને એક આદર્શ ઇસ્લામી સમાજમાં રૂપાંતરિત કરવાનો પ્રયત્ન કરીશું.**

પર રહેમ કરનાર, અત્યાચારીઓ પર અંકુશ લગાડનાર અને નેકીઓને પ્રસાર કરનાર અને બૂરાઈઓથી બચાવનાર હોવો જોઈએ. મૌલાના મૌદૂદી (રહ.) એ એક જગ્યાએ લખ્યું છે કે જેવી રીતે મરણ શૈયા પર સૂઈ રહેલ વ્યક્તિની જાંચ કરવા માટે તેની નાક સામે અરીસો ધરવામાં આવે છે કે તેનો શ્વાસ ચાલી રહ્યો છે કે નહીં તે જોઈ શકાય. એવી રીતે કોઈ મૃત પ્રાય સમાજના જીવનની ખાતરી કરવી હોય તો તેને રમઝાનના મહીનામાં જોવામાં આવે કે તેમાં તકવાના કોઈ ગુણ દેખાય છે કે નહીં જો તેમા થોડું ઘણું પરીવર્તન પણ દેખાય તો સમજી શકાય કે હજુ તેની સાંસો ચાલી રહી છે. અને અલ્લાહનો આભાર કે આ રીતે આપણે ઉપરોક્ત ગુણના આધારે સમગ્ર વિશ્વને આ સમસ્યાથી છૂટકારો અપાવી શકે તેમ છે. ન્યાય એ ઈસ્લામી સામાજિક મૂલ્યોની મૂળ ભાવના છે અને તે તકવામાં સમાયેલ છે. કુર્આનમાં કહેવામા આવ્યું છેઃ **"ન્યાય કરો, તે તકવાની નજીક છે"**.

આ ન્યાયનો અભિગમ સમાજનો સૂત્ર હોવો જોઈએ. જો સમાજ પોતાની કોઈ પણ બાબતમાં અલ્લાહ અને રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) દ્વારા આપવામાં આવેલા આદેશો, ફરમાન અને મર્યાદાઓનું ઉલ્લંઘન ન કરે, તો ન્યાયની જરૂરિયાતો ખરા અર્થમાં પૂર્ણ થઈ શકે છે. ભલે મામલો સંબંધીઓ વચ્ચેનો હોય, ન્યાય થવો જોઈએ. સામાજિક રીતે, કુર્આન તકવા

આ આયત સીધી રીતે તકવાને દુષ્ટતાથી રોકવા સાથે જોડે છે, જેનો અર્થ એ છે કે આ આફત એવા લોકોને પણ ઘેરી લેશે જેઓ પોતે સુખી થવાના પ્રયત્નો કરે છે, અને ફક્ત વ્યક્તિગત ભલાઈથી સંતુષ્ટ રહે છે અને સામૂહિક દુષ્ટતાને રોકવાનો કોઈ પ્રયાસ નથી કરતા.

આઓ! આ રમઝાનમાં પ્રણ કરીએ કે તકવાના વ્યક્તિગત અને સામુહિક ગુણો વિકસાવવાના પ્રયત્નો કરીશું અને રમઝાનમાં કુર્આનનાં આદેશ પ્રમાણે રોઝા અને ઈબાદત થકી મુસ્લિમ સમાજને એક આદર્શ ઈસ્લામી સમાજમાં રૂપાંતરિત કરવાનો પ્રયત્ન કરીશું.

•••

# UCC : મુસ્લિમોને પ્રતાડિત કરવાનું લેટેસ્ટ શસ્ત્ર

રામ મંદિર-ડન, ટ્રીપલ તલાક-ડન, કાશ્મીર કલમ ૩૭૦-ડન,CAA NRC ડન, હિજાબ કન્ટ્રોવર્સી - ડન, મોબ લિંચિંગ- ડન, બુલડોઝર એક્શન- ડન, વકફ એક્ટ-ડન અને હવે લેટેસ્ટ ચાલી રહ્યું છે UCC - યુનિફોર્મ સિવિલ કોડ. હવે આટલું બધું પ્રજા જોગ થઈ રહ્યું હોય ત્યારે, મોંઘવારી, બેરોજગારી, સ્વાસ્થ્ય અને શિક્ષણના ગોટાળા, દરેક સ્તરે વ્યાપક ભ્રષ્ટાચાર આ બધા મુદ્દા શું કામ કોઈ વિચારે!! અને તેમને શા માટે વિચારવું પણ જોઈએ, જ્યારે સરકાર આટલું બધું કરી રહી છે.

અમેરિકન ટ્રમ્પ સરકાર હાથકડી પહેરાવીને ગેરકાયદે વસાહતી ભારતીયોને લશ્કરી વિમાનમાં પરત ધકેલી રહી હોય તેની પણ કોણ પરવા કરે!! આપણું શેર બજાર સતત ગગડી રહ્યું હોય, રૂપિયો સતત ગગડી રહ્યો હોય અને ચીનનું બજાર ઊંચકાઈ રહ્યું હોય, છતાં પણ કોની મજાલ છે કે કોઈ નુકતાચીની કરે?

ભારતીય જનતા પાર્ટી દેશભરમાં સત્તા કબજે કરી, તેનું હિંદુ બહુમતીના ધ્રુવીકરણનું શસ્ત્ર ખૂબ ચાલાકીથી સતત વાપરી રહી છે. મોદી અને શાહ કોઈ સમય ગુમાવ્યા વગર આરએસએસનો એજન્ડા પુરા જુસ્સાથી આગળ વધાવી રહ્યા છે. દુનિયાભરમાં જમણેરી સરકારો પ્રભુત્વ જમાવી રહી છે અને ઈસ્લામોફોબિયા કોઈને કોઈ સ્વરૂપે મીડિયા દ્વારા સતત પ્રમોટ થયા કરે છે ત્યારે, આ લાભ ખાટી જવા માટેની કોઈ તક તેઓ ગુમાવવા માંગતા નથી. દોડવું હતું અને ઢાળ મળ્યો તેવો ઘાટ છે. મોદી સરકારે ગુજરાતમાં જ્યારે સત્તાનો સુત્રો સંભાળ્યા ત્યારથી જ હંમેશા ઈલેક્શન મોડમાં કઈ રીતે બન્યા રહેવું તે તેમની આગવી સ્ટાઈલ છે અને રાષ્ટ્રીય સ્તરે પણ તેઓ તેના મીઠા ફળ સતત ચાખી રહ્યા છે. ૨૦૨૪ના લોકસભાના ઈલેક્શનમાં પીછેહટ પછી ભાજપે મહત્વના હરિયાણા મહારાષ્ટ્ર તથા દિલ્હી રાજ્ય કબજે કરી લીધા છે. ફરીથી કોંગ્રેસને હાંસીયામાં ધકેલી દીધી છે. કોમવાદનું આ અફીણ બહુમતી માનસમાં જે રીતે સતત પીરસવામાં આવી રહ્યું છે અને તેના ફળ સ્વરૂપે સત્તા સતત મળી રહી છે, ત્યારે ઈસ્લામ અને મુસ્લિમ વિરોધી વાતાવરણ સતત બનેલું રહેવું જોઈએ. તે માટે સરકારી સંસાધનો અને મીડિયા બંનેનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે.



સંઘી માનસ મુસ્લિમોને પ્રતાડિત કરવાનો પિશાચી આનંદ માણી રહ્યું છે અને પ્રજા માનસમાં પણ આ ઝેર સતત ઘોળી તેને પણ આ પિશાચી આનંદ માટે પ્રેરિત કરી રહ્યુ છે. વન નેશન વન ઈલેક્શનની જેમ વન નેશન વન લૉ, એટલેકે UCCએ ભારતભરમાં એક સમાન કાયદાની સંકલ્પના છે,જે તમામ ધર્મોના લોકો પર, લગ્ન, છૂટાછેડા, વારસાઈ હક્કો, દત્તક લેવાની પ્રક્રિયા વગેરે જેવા અંગત મુદ્દાઓ માટે પ્રસ્તુત કરવામાં આવી રહી છે. UCCએ ભારતીય સંવિધાનના ધારા ૪૪ અંતર્ગત એક દિશા સૂચક સિદ્ધાંત છે જે સર્વ નાગરિકો માટે સામાન્ય સિવિલ કાયદાઓની રચનાની વાત કરે છે. બંધારણના ઘડવૈયાઓએ આને ખૂબ જ સમજદારીથી ટાળી દીધેલ અને માર્ગદર્શક સિદ્ધાંતમાં મૂકી દીધેલ છે. તે સમયની ચર્ચાઓમાં ડોક્ટર આંબેડકરે પણ આ લાગુ કરતા પહેલા વિવિધ સમુદાયોને વિશ્વાસમાં લેવું ખૂબ જ અગત્યનું છે તેમ સ્પષ્ટ જણાવેલ અને તેમ નહીં કરતી સરકારને પાગલની ઉપમા આપેલ છે. રાષ્ટ્રીય સ્તરે લાગુ પાડવાના બદલે ખૂબ જ ચાલાકીથી તેઓ હવે જુદા જુદા રાજ્યોમાં આનો અમલ કરવા માંગે છે. પહેલા ઉત્તરાખંડમાં લાગુ કરી દીધો છે અને હવે ગુજરાતમાં તેઓ તેને લાવી રહ્યા છે. એજ રંજનાબેન દેસાઈ જેઓ ઉત્તરાખંડમાં નિમેલ કમિટીના વડા હતા, તે અહીં ગુજરાતમાં પણ ૪૫ દિવસમાં પોતાનો અહેવાલ સરકારને આપવાના છે. હવે, આ અહેવાલમાં શું હશે તે કોઈ પણ વ્યક્તિ આસાનીથી સમજી શકે છે અને તેના પછી સરકાર તેને કઈ રીતે અમલમાં લાવી દેશે તે પણ સહેલાઈથી સમજી શકાય છે.

કેટલાક લોકો એમ ટીકા કરે છે કે આમાં લઘુમતી સમુદાયના, ખાસ કરીને મુસ્લિમ સમુદાયના લોકોનું પ્રતિનિધિત્વ હોવું જોઈતું હતું. આ સરકાર માટે આ પણ કંઈ મુશ્કેલ કામ નથી. તેમની પાસે ચાપલૂસી કરવાવાળા મુસ્લિમો અને તે માટે તેમનું જ બનાવેલું સંગઠન તૈયાર જ છે. રાષ્ટ્રીય મુસ્લિમ મંચમાંથી આ સારૂ સૂફીઓ તલપાપડ છે. એટલે કોઈ ફરક કોઈ પ્રતિનિધિથી પડતો નથી, તે આપણે વકફ બિલ ઉપર JPCના પ્રજા સાથેના પરામર્શના ડ્રામામાં હમણાં જ જોઈ અનુભવી લીધું છે.

ભારતીય જનતા પાર્ટી લાંબા સમયથી UCCને રાષ્ટ્રીય એકતાનું અને લિંગ સમાનતાનું એક પગથિયું ગણાવી પ્રોત્સાહિત કરી રહી છે. હવે આમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કોઈ રાષ્ટ્રીય એકતા આ રીતે બનતી નથી, પરંતુ સમુદાયોમાં એક બીજા વિષે ગેરસમજ અને ધિક્કાર ફેલાય છે. ટ્રીપલ તલાકનું ઉદાહરણ આપી UCCના સમર્થકો લિંગ આધારિત અસમાનતા દૂર કરવાની વાત કરે છે. હવે ટ્રીપલ તલાકનો કાયદો બનાવી દીધા પછી પોતે જ ગોદી મીડિયા દ્વારા જાહેરાત કરે છે કે મુસ્લિમ મહિલાઓ અમને સમર્થન આપી રહી છે. જ્યારે મુસલમાનોમાં સ્પષ્ટ રીતે આ બાબતે પુરૂષો કે મહિલાઓમાં કોઈ જ મતભેદ નથી. મુસલમાન મહિલાઓ પણ સ્પષ્ટ રીતે માને છે કે તલાક બાબતે અમોને ઈસ્લામના કાયદા કાનુન જ સ્વીકાર્ય છે અને કોઈ ગૂંચ હોય તો તેનો ઉકેલ તેમાં મળી જ રહે છે. તેની ઉપર અમને પૂર્ણ વિશ્વાસ છે અને અમારૂં ઈમાન છે. તલાક બાબતે સ્ત્રીઓના હકનો પ્રશ્ન ઉઠાવી તમે શાહબાનુ કેસનો ઉલ્લેખ કરો છો, પરંતુ ખૂબ ચાલાકીથી શબરીમાલા ઇસ્યુને દબાવેલો રાખો છો. ૫ જજોની બેંચે ૪ વિરુદ્ધ ૧ થી સ્પષ્ટ ચુકાદો આપેલ છે, તેમ છતાં પણ ૭ જજની મોટી બેંચને કેસ સોંપી ઠંડા બસ્તામાં નાખી દીધેલ છે. ત્યાં રજસ્વલા મહિલાની પ્રાકૃતિક પરિસ્થિતિનું અપમાન કેમ દેખાતું નથી અને બેન્ચ પર મોટી બેન્ચ અને તારીખ પે તારીખ ચાલવાય છે તે સમજવું રહ્યું. હિજાબ કેસ પહેલાનો આ કેસ છે, છતાં પણ તેને ચલાવવામાં આવતો નથી. સિવિલ સોસાયટી તથા સેક્યુલર લોકો પણ આ બાબતે કોઈ જ રજૂઆત કરતા કે હો હા કરતા નથી. મીડિયા પણ જાણી જોઈ તેને ભુલાવી રહ્યું છે તેવું સ્પષ્ટ દેખાય છે. લગ્ન વખતના કરારના સ્ત્રીને ઈસ્લામી આપેલ હક્કો આજના આધુનિક યુગમાં પણ સાચે જ અદભુત જણાય છે. સ્ત્રી લગ્નના કરારમાં પોતાની જરૂરિયાત મુજબ બધી જ વસ્તુ લખાવી લઈ શકે છે અને પુરૂષ તે સારૂ બંધાયેલ છે. તલાક સ્ત્રીને બંધનમાંથી મુક્તિ અપાવવા માટે આવેલ હતો, જેનો ઉલ્લેખ ચંદ્રકાંત બક્ષી જેવા બેબાક લેખક પણ સ્પષ્ટ રીતે કરે છે. કમનસીબે નાદાન અને નફફટ પતિના લીધે કેટલીક નિર્દોષ મહિલાઓ આનો ભોગ બને છે તે હકીકત છે અને તેને કાબુમાં લેવા મુસ્લિમ સમાજ સતત પ્રયત્નશીલ છે. હવે જો અહીં લિંગ સમાનતાની વાત કરવી જ હોય તો ભ્રૂણ હત્યાની વાત ટાળી ન શકાય. જે રીતે સમાજમાં તે પ્રચલિત છે અને કરોડો બાળકીઓનો તેમના મા બાપ અને કુટુંબ દ્વારા જ ગર્ભમાં જ ભોગ લેવાય છે, તેની કતલ થાય છે, છતાં તેની સામે સ્પષ્ટ રીતે આંખ મીંચામણા થઈ રહ્યા છે. મુસલમાનોમાં આ બદી પંદરસો વર્ષ પહેલા કાબુમાં લેવાઈ હતી અને આજે પણ તે સ્પષ્ટ રીતે

કાબુમાં છે. બીજા સમાજમાં ખાસ કરીને ભણેલા ગણેલા સમાજમાં આનું પ્રમાણ ઘણું જ ઊંચું છે, તેમાં કોઈ શક નથી. મારા એક હિંદુ સવર્ણ સુશિક્ષિત મિત્રએ સજળ આંખે કૌટુંબિક તેમજ સામાજિક પ્રેશરમાં બે સ્ત્રીભ્રૂણ હત્યાનો મારી સામે જે રીતે ઇકરાર કર્યો હતો તે યાદ આવતા આજે પણ મારૂં હૃદય દ્રવી ઊઠે છે. પ્રધાન સેવક સાહેબે જે રીતે પોતાની પત્નીને છોડી દીધા છે, ત્યારે સ્ત્રીના હક્કોની કોઈ વાત નથી કરતું અને તેની સામે તલાક સ્ત્રીને આ બંધનમાંથી આઝાદી આપે છે અને બીજા લગ્ન સારૂ પસંદગીની મોકળાશ પણ આપે છે. બહુ પત્નિત્વમાં મુસલમાનો અને હિંદુઓનો રેશિયો સરખો નથી. મુસલમાનોનું પ્રમાણ ઓછું છે, છતાં પણ તેમની સામે બહુપત્નીત્ત્વનો આક્ષેપ થયા જ કરે છે. ચાર પત્નીનો આક્ષેપ અને કટાક્ષ દરેક મુસ્લિમને ફેસ કરવો પડે છે. સામાન્ય જનતા મીડિયાના આ અપપ્રચારને માની પણ લે છે. મુસલમાનોમાં પણ પુરૂષ સ્ત્રીનો રેશિયો સરખો નથી. સ્ત્રીઓ ઓછી જ સંખ્યામાં છે, તે સંજોગોમાં જો એકની જગ્યાએ બે પત્નીઓ થઈ જાય તો ઘણા બધા લોકો ને કુંવારા રહેવું પડે. આ આંકડાકીય સાચી હકીકતને સમજવા કે વિચારવા કોઈ તૈયાર જ નથી. સમાજ ધર્મેન્દ્ર અને હેમામાલીનીના બહુ પત્નીત્ત્વને સાહજિક રીતે સ્વીકારે છે અને આ બંનેને સંસદ સભ્ય પણ બનાવે છે. એ જ ભાજપ માંથી !! છતાં ત્યાં કોઈને કોઈ વાંધો નથી.

સમર્થકો UCC ગોવા મોડલ સાથે પણ તુલના કરે છે અને ઉદાહરણ તરીકે રજૂ કરે છે. આ મોડલ પોર્ટુગીઝ શાસન દરમિયાન લાગુ થયું હતું અને ત્યાં સ્વાભાવીક રીતે સ્વીકાર પામેલ છે. આ મોડેલથી પણ સમજાય છે કે સમાજમાં સહમતિ વિના UCC લાગુ કરવું મુશ્કેલ જ નહીં પરંતુ અશક્ય છે. બીજેપી તથા આરએસએસ પોતાના અભિગમને આધુનિકતા અને પ્રગતિશીલ રૂપે રજૂ કરે છે પરંતુ તેમનો દંભ શબરીમાલા અને ભ્રૂણ હત્યા બાબતે સ્પષ્ટ રીતે છતો થઈ જાય છે. UCC બાબતે મુસલમાનોના બધા જ લોકો અને વિવિધ સંપ્રદાયો એકજૂટ થઈ એઆઈ એમપીએલબી એટલે કે મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના નેજા હેઠળ પોતાની વાત જુસ્સાથી કહી રહ્યા છે. શિવસેના તથા ટીડીપી જેવા કેટલાક પક્ષોને બાદ કરતાં બધા જ વિપક્ષો, કોંગ્રેસ, ટીએમસી, સપા, બસપા, આપ, એનસીપી, ડીએમકે અકાલીદળ તથા અન્ય સ્પષ્ટ રીતે UCCના સમર્થનમાં નથી. ઘણા વિદ્વાનો માને છે કે શરીયા કાયદાઓમાં સુધારા સમુદાયની અંદરથી જ થવા જોઈએ. તો જ તેના ઉપર અમલવારી થઈ શકે. તમે એક તરફ આદિવાસીઓને આમાંથી બાકાત રાખવા માગો છો. જૈન અને પારસીઓના ઘણા રીત રિવાજો અને વિધિ વિધાનને નજર અંદાજ કરો છો. ફક્ત મુસલમાનો અને થોડા ઘણા અંશે ખ્રિસ્તીઓને ટાર્ગેટ બનાવો છો. જૈનમાં સંથારો તથા નાના બાળકોને દીક્ષા આપવાની પ્રક્રિયામાં તમને કોઈ દોષ નથી જણાતો. દેશમાં શિષ્ટાચારનો કાનૂન હોવા છતાં પણ નાગાબાવાઓ શેરીઓમાં અને મંદિરોમાં તો ખુલ્લેઆમ ફરે છે, પરંતુ હવે ધારાસભા ગૃહોમાં પણ બોલાવાઈ રહ્યા છે. મુસલમાનોને આ રીતે સામેના છેડે મૂકી તમે કોઈ સમાજ સુધારણા કરી ન શકો. UCC સંબંધી કોઈપણ સુધારો ઉપરથી લાદવો ન જોઈએ પરંતુ સર્વ સમાવેશક સંવાદ અને સકારાત્મક સંમતિ ધ્યાનમાં લઈને જ થવો જોઈએ. જોકે અહીં હેતુ કોઈ સમાજ સુધારણા નો છે જ નહીં ફક્ત ધ્રુવીકરણનો છે અને વોટનો છે. •••

M. 9925212453
Email: mgvgetco@yahoo.co.in

## વાચકો જોગ સૂચના

**પ્રિય ગ્રાહકો**

- ★ **''યુવાસાથી'' માસિક દર મહિનાની ૩જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જો તે મહિનાની ૧૦ તારીખ સુધી આપને ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા અમારા વ્હાલા વાચક મિત્રોને વિનંતી છે.**
- ★ **''યુવાસાથી'' માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી કે પછી ઓનલાઈન Google Pay, Phone Pe વિ.થી પણ લવાજમ મોકલી આપે.**
- ★ **પોસ્ટમેન નિયમિત ડિલિવરી કરતા ન હોવાથી વાચકોને કોપીઓ નિયમિત મળતી નથી. તેથી જે વાચક મિત્રો ''યુવાસાથી'' કુરિયરથી મંગાવવા ઇચ્છતા હોય તો તેમણે લવાજમની રકમ રૂ. ૩૦૦ ઉપરાંત રૂ. ૧૮૦ વધારે આપવા.**

**• મેનેજર, ''યુવાસાથી'' ગુજરાતી માસિક**

✍ રજૂ.: રાશિદ કુરૈશી

# ગુજરાત શિક્ષણ સુધારા અધિનિયમ ૨૦૨૧: એક વિશ્લેષણ




*જાવેદ કુરેશી દ્વારા હોસ્ટ કરવામાં આવેલા એક પોડકાસ્ટમાં, ફેડરેશન ઓફ મુસ્લિમ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુશન (ઈન્ડિયા) ગુજરાતના ડો. ઈફ્તિખાર મલેકે ગુજરાત શિક્ષણ સુધારા અધિનિયમ ૨૦૨૧નો લઘુમતી સંસ્થાઓ શા માટે વિરોધ કરે છે તે સમજાવ્યું હતું. આ પોડકાસ્ટ યુટ્યુબ પર પણ ઉપલબ્ધ છે. "Why Do Minority Institutions Oppose the Gujarat Education Amendment Act 2021 I । વાત Chat Podcast" સર્ચ કરી સાંભળી શકાય છે. ''યુવાસાથી''ના વાચકો માટે આ ચર્ચાના કેટલાક અંશો સંપાદિત કરીને અહીં રજૂ કરવામાં આવ્યા છે. - **તંત્રી***

શિક્ષણ જે દરેક માનવીનો મૂળભૂત અધિકાર છે અને તે કોઈ પણ માનવ સમાજના વિકાસ માટે પાયાની ભૂમિકા ભજવે છે. તેથી, એ વાત તદ્દન સ્વાભાવિક લાગે છે કે દરેક દેશ અને સમાજ માટે શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓને વધુ સારી બનાવવાનો પ્રયાસ કરવો જરૂરી છે. આ પ્રયાસો સમાજ તરફથી પણ થાય છે અને સરકાર તરફથી પણ કરવામાં આવે છે.

૩૧ માર્ચ ૨૦૨૧ના રોજ, ગુજરાત વિધાનસભામાં એક અધિનિયમ પસાર થયો જેનું નામ છે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધારા અધિનિયમ. આ અધિનિયમને પણ સરકાર દ્વારા શૈક્ષણિક સુધારણાનો પ્રયાસ ગણાવવામાં આવી રહ્યો છે. પરંતુ શું કારણ છે કે આ અધિનિયમે ગુજરાતના તમામ લઘુમતી સમુદાયોમાં અશાંતિ પેદા કરી છે? એટલું જ નહીં, કેટલીક લઘુમતી સંસ્થાઓ દ્વારા કાનૂની કાર્યવાહી પણ કરવામાં આવી છે. તેથી, આ અધિનિયમ શું છે? તેના દ્વારા સરકારનો શું હેતુ છે? અને લઘુમતી સમુદાયને તેની સાથે શું સમસ્યા છે? આ પ્રશ્નો પર આજે આપણે વિગતવાર ચર્ચા કરીશું.

**સરકારે આ વાત સમજવી જોઈએ કે કોઈ સામાજિક બદીને સમાપ્ત કરવાના નામે લઘુમતી વર્ગની સ્વાયત્તતાને નિશાન બનાવવું એ એક બિનલોકશાહી અને મનસ્વી વલણ છે. સુધારાની કેટલીક અન્ય રીત પણ હોઈ શકે છે જેમાં લોકોની સ્વતંત્રતાને અસર કર્યા વિના કામ થઈ શકે છે. સરકારે આ મુદ્દાઓ પર ફરીથી વિચાર કરવો જોઈએ.**

વાસ્તવમાં, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધારા અધિનિયમ દ્વારા, ૧૯૭૨ ના અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો છે. તે અધિનિયમ હેઠળ, ગુજરાતની ગ્રાન્ટેડ લઘુમતી સંસ્થાઓને પોતાની શાળાઓને પોતાના હિસાબે ચલાવવાનો, શિક્ષકોની પસંદગી અને વહીવટી અધિકારો હતા, અને સરકાર તરફથી વાર્ષિક નિશ્ચિત રકમ તેમને આપવામાં આવતી હતી. પરંતુ, આ સુધારણા દ્વારા તમામ અધિકારો લઘુમતી સંસ્થાઓમાંથી ખસેડી સરકારને આપી દેવામાં આવ્યા છે. સરકાર તરફથી તેના સમર્થનમાં ત્રણ મુદ્દાઓ જણાવવામાં આવ્યા છેઃ

૧.સગાવાદ (નેપોટિઝમ) સમાપ્ત થશે.
૨.સારા શિક્ષકોની પસંદગીથી શિક્ષણનું સ્તર સુધરશે.
૩.આ સંસ્થાઓ સરકારના પૈસાથી ચાલે છે તેથી તેના વહીવટી નિર્ણયો પણ સરકારે જ કરવા જોઈએ.

**લઘુમતી સંસ્થાઓનો મુદ્દો અને વલણ**

લઘુમતી સંસ્થાઓનો સૌથી મોટો મુદ્દો આ છે કે આ અધિનિયમ તેમની ઓળખ અને સંસ્કૃતિને સમાપ્ત કરી શકે છે. શિક્ષણનો સંબંધ જ્યાં દુન્યવી વિકાસ સાથે છે, ત્યાં કોઈ પણ લઘુમતી (ભાષાકીય અથવા ધાર્મિક) સમુદાય માટે નવી પેઢીમાં પોતાની ઓળખ, સંસ્કૃતિ અને પોતાની પરંપરાઓને બાકી રાખવાનું મહત્ત્વનું સાધન છે, અને જેની મંજૂરી બંધારણ તેમને આપે છે. સ્વાભાવિક છે કે આ કામ શિક્ષકો દ્વારા જ કરવામાં આવે છે, તેથી જરૂરી હતું કે શિક્ષકોની પસંદગીનો અધિકાર શાળાના અધિકૃત હોદ્દેદારોને પ્રાપ્ત રહે. પરંતુ નવા સુધારા પછી આ અધિકાર સરકારે પોતાના હાથમાં લઈ લીધો છે, જે લઘુમતી વર્ગોની સ્વતંત્રતા પર સીધી તરાપ છે.

બીજી વાત આ છે કે ભારત એક લોકશાહી કલ્યાણ રાજ્ય છે. જો એક કલ્યાણ રાજ્ય પોતાની લઘુમતી સંસ્થાઓને વિશેષ સગવડ આપે છે, તો તે તેનું કામ છે કે સામાજિક વિકાસ માટે પોતાના લઘુમતી સમુદાયના લોકોની મદદ કરે. આ કામ ન થાય તો સમસ્યા છે. જ્યાં સુધી સગાવાદનો સવાલ છે, તો ચોક્કસપણે આ એક સામાજિક બદી છે જે સમાપ્ત થવી જોઈએ. ગુજરાત સરકારે તેનો જે ઉકેલ રજૂ કર્યો છે, અમે આ પદ્ધતિનો સખત વિરોધ કરીએ છીએ કારણ કે તેના પરિણામે લઘુમતી વર્ગોની સ્વતંત્રતાને સીધી અસર થઈ રહી છે. સરકારે આ વાત સમજવી જોઈએ કે કોઈ સામાજિક બદીને સમાપ્ત કરવાના નામે લઘુમતી વર્ગની સ્વાયત્તતાને નિશાન બનાવવું એ એક બિનલોકશાહી અને મનસ્વી વલણ છે. સુધારાની કેટલીક અન્ય રીત પણ હોઈ શકે છે જેમાં લોકોની સ્વતંત્રતાને અસર કર્યા વિના કામ થઈ શકે છે. સરકારે આ મુદ્દાઓ પર ફરીથી વિચાર કરવો જોઈએ.

આ કાયદા વિરુદ્ધ ૩૭૫થી વધુ લઘુમતી સંસ્થાઓએ હાઈકોર્ટમાં અવાજ ઉઠાવ્યો હતો. હાઈકોર્ટે ૨૩ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ચુકાદો આપ્યો, જેમાં લઘુમતી સંસ્થાઓની અપીલને રદ કરવામાં આવી. હવે કેટલાક લઘુમતી સમુદાયો તરફથી એવી વાત આવી રહી છે કે તેઓ આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારાશે.

•••


# Eye Guard Opticals

Irfan Saiyad
Mo. : 98252 84358





We make spectacles as per Dr. Prescription.
Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point, Hanuman Gali, Opp. Kumar Sala No. 1, Raopura, Vadodara

# ડિજિટલ ક્રાંતિ : દુનિયા ખૂબ ઝડપથી બદલાઈ રહી છે

ચીનની કંપનીએ ખૂબ જ સસ્તુ એઆઈ AI મોડલ ડીપસીક માર્કેટમાં મુક્યું છે, ત્યારથી પુરા વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. એવું કહેવાય છે કે અમેરિકાને એક જ દિવસમાં એક ટ્રિલિયન ડોલર, એટલે કે ૮૬ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. એનવીડીયા, ચીપ બનાવતી અમેરિકન કંપનીના ભાવ તળિયે પહોંચી ગયા છે. નવી સરકાર બનાવીને ટ્રમ્પ ફુલાઈ રહ્યા હતા, ત્યારે જ તેમના ફુગ્ગામાંથી ચીને હવા કાઢી નાખી છે. અમેરિકા સ્થિત માઈક્રોસોફ્ટનું ચેટ જીપીટી, ગુગલનું જેમીની, facebook whatsappનું મેટા, તથા અન્ય AI મોડેલ જયારે દુનિયાને નવી દિશા આપી રહ્યા હતા અને ડિજિટલ દુનિયામાં પણ અમેરિકાનું વર્ચસ્વ અને પ્રભુત્વ સ્થાપિત કરી રહ્યા હતા, ત્યારે ચીની કંપનીએ ડીપસીક Deep Seek લોન્ચ કરી પૂરી દુનિયાને દંગ કરી દીધી છે. હજુ બીજા સસ્તા, નવા AI મોડલ પણ મુકવા ચીન થનગની રહ્યું છે. સામાન્ય માનવીના રોજબરોજના જીવનથી માંડી, આ નવી ટેકનોલોજી બધા જ મેદાનોમાં નવા આયામો સેટ કરી રહી છે. ખેતીવાડી હોય કે બાયોટેકનોલોજી, ફાર્મસી હોય કે ઈન્ફોર્મેશન ટેકનોલોજી, શિક્ષણ હોય કે મેડિકલ વિજ્ઞાન, એન્જિનિયરિંગ હોય કે સાહિત્ય, મનોરંજન હોય કે ખેલકૂદ, દરેકને આ ટેકનોલોજી ધડમૂળથી બદલી રહી છે. વિદ્યાર્થીઓ, વૈજ્ઞાનિકો, શિક્ષણ શાસ્ત્રીઓ, ઉદ્યોગપતિઓ અને સામાન્ય છેવાડાનો માનવી, સૌની જિંદગી ખૂબ ઝડપથી બદલાવા જઈ રહી છે. ૧૯૫૭માં સ્પુટનીક નામનું ઉપગ્રહ યાન




રશિયાએ તરતું મૂક્યું અને અમેરિકામાં જે ખળભળાટ મચી ગયો હતો, તેવી જ હલચલ આ વખતે પણ જોવા મળી રહી છે. ચાઈના, વિજ્ઞાનના બધા જ ક્ષેત્રોમાં એટલી ઝડપથી આગળ વધી રહ્યું છે કે પૂરી દુનિયા, યુરોપ અમેરિકા સમેત, હતપ્રભ છે.

બાયોટેક ઈન્ડસ્ટ્રીમાં ચીનનો પ્રભાવ વધી રહ્યો છે. ડીપસીક મોમેન્ટ બાદ, એઆઈની જેમ હવે અમેરિકાને અહીં પણ પડકાર મળી રહ્યો છે. અમેરિકા કરતા પણ ચીની થેરાપી વધુ સારૂં પ્રદર્શન કરી રહી છે. આ સમાચાર આગની જેમ ફેલાયા અને ચીની કંપનીમાં બિલિયન ડોલર માર્કેટ કેપમાં વધારો નોંધાયો છે. નોંધવા જેવી વાત એ પણ છે કે અમેરિકાની મંજૂરી વગર જ આ દવા બાયોટેક ઈન્ડસ્ટ્રીઝમાં ટોપ પર પહોંચી ગઈ છે. દર્દીઓ માટે આ વૈશ્વિક સ્પર્ધા લોટરી જેવી છે. દર્દીઓને કોઈ ફરક નથી પડતો કે કયા દેશમાં આ દવા વિકસિત કરવામાં આવી છે. ટૂંકમાં અમેરિકા જે ક્ષેત્રમાં દબદબો ધરાવે છે તે તમામ ક્ષેત્રમાં ચીન કાંટાની ટક્કર આપી રહ્યું છે.

આ પૂર્વ ભૂમિકા બાદ હવે જોઈએ, કે નવી ડિજિટલ ક્રાંતિ સમાજમાં શું પરિવર્તન લાવવા જઈ રહી છે.

આ ડિજિટલ ક્રાંતિ નવયુવાનો અને વિદ્યાર્થીઓને પણ ભારે પ્રભાવિત કરી રહી છે. સોશિયલ મીડિયા ઉપરના કન્ટેન્ટ અને ઓટીટી જેવા પ્લેટફોર્મ ઉપર જે રજૂઆતો થઈ રહી છે તે સાચે જ ચિંતાજનક છે. નયા ભારતમાં youtube અને બીજા સોશિયલ ઈન્ફ્લુએન્સર જુદા જુદા પ્લેટફોર્મ ઉપર જે પ્રભાવ પાડી રહ્યા છે, તે સમજવાની જરૂર છે. લાખો રૂપિયા

કમાતા youtuber યુવાઓ રોલ મોડલ બની રહ્યા છે, જે સામાજિક મર્યાદા કે શિસ્તની બિલકુલ જ પરવા કરતા નથી અને મન ફાવે તેમ બોલી રહ્યા છે, લખી રહ્યા છે. ખુદના મા-બાપની સામે જે વાત કરતા સંકોચ થતો હોય એવી વાતોના વિડીયો બનાવી અને બેફામ બોલતા જાવ તો એ હિટ થવાની અને સફળતાની નવી ફોર્મ્યુલા છે. આ નવી ટ્રેન્ડ પાછળ યુવાનો દોટ મુકી રહ્યા છે.મીડિયામાં પહેલા જે સવાલો પૂછતા સંકોચ થતો હતો, તે હવે બાળકો, મહિલાઓ કે વડીલો, કોઈના પણ છોછ વગર રિલ્સ અને વીડિયોમાં સોશિયલ મીડિયાના માધ્યમથી જોવા સંભળાવવા લાગ્યું છે. સામાજિક શિસ્ત અને જાહેર શિષ્ટાચાર ના લીરા ઉડી ગયા છે. ઇન્ટરનેટની પહોંચ વધારવા પાછળ જે જ્ઞાન પ્રાપ્તિનો ઉદ્દેશ હતો તે હવે ધૂંધળો થઈ ગયો છે. જ્ઞાનનું વિસ્તરણ છેવડાના ગામડા સુધી પહોંચાડવાનો હેતુ એ હકારાત્મક પાસું હતું, પણ એ સફળ કેટલું થાય છે તે હવે જોવું રહ્યું. હવે, ગામે ગામના લબરમુછીયા સેલ્ફી અને રીલના રવાડે ચડી ગયા છે. કોઈ ટેકરી ઉપર ચડીને રીલ બનાવે છે તો કોઈ બગીચામાં જઈને લટક મટક ચાલ અને ડાન્સ કરી વિડીયો બનાવે છે. કોઈ અભદ્ર જોક્સ ના વિડીયો બનાવે છે, તો કોઈ આપસમાં બાખડીને વિડીયો ઉપર લડાઈ ચાલુ કરે છે. કાનના કીડા ખરી પડે તેવી બિભત્સ ગાળો ખુલ્લે આમ બોલાય છે. અને પછી તે કહેવાય છે પાછા ડિજિટલ ક્રિએટર!! હમણાં જ બે ઈન્ફ્લુએન્સરજે ખૂબ જ પ્રખ્યાત થઈ રહ્યા છે, તેમને મા બાપ સાથેના સંબંધો વિશે ખૂબ જ ભદ્દી કોમેન્ટ કરી છે. એક તરફ તેમની લોકપ્રિયતા આસમાનને આંબી રહી છે અને કરોડો રૂપિયા તેઓ કમાઈ રહ્યા છે, તો બીજી તરફ સમયની ચેતવણી રૂપ ઘંટડી સમાજ માટે વાગી રહી છે. શાળા કોલેજના એવરેજ વિદ્યાર્થીઓ હવે સસ્તી મહેનતથી લાખો કરોડો રૂપિયા સુધી કમાઈ શકે છે, નવા સોશિયલ મીડિયા ના ક્રિયેટર બનીને !! આ વાતાવરણ ગંભીર અને હોશિયાર વિદ્યાર્થીઓને એકતરફ હતોત્સાહ કરવાવાળું છે, તો બીજી તરફ સમાજમાં સ્વચ્છંદતાનું સીધું પ્રતીક છે અને બેફામ ગંદકી ફેલાવી રહ્યું છે.કોઈ મહેનત કરીને સ્પેશિયાલિસ્ટ બને અને કરોડોનું રોકાણ કરી પોતાની હોસ્પિટલ કે ઉદ્યોગ સ્થાપે અને પછી કમાતો થાય, તેની સાપેક્ષે આ યુવાનો લાખો કરોડોમાં કમાતા થઈ જાય છે. આ એક એવું ક્ષેત્ર ઉભરી રહ્યું છે, જેમાં ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓ કંઈ પણ બોલીને, અરે ખુદના મા-બાપની સામે જે કહેવાનો સંકોચ થતો હોય એવી વાતો મીડિયામાં બોલીને, હિટ થવાની, સફળતાની નવી ફોર્મ્યુલા સેટ કરી રહ્યા છે. તેમના કરોડો ફોલોઅર્સ છે અને કેટલાક વિડીયો બનાવી કરોડોની વ્યવસ્થિત આવક મેળવી રહ્યા છે. તેમના શૉમાં ભાગ લેવા મળે તો યુવાનો અને વિદ્યાર્થીઓ પોતાને ભાગ્યશાળી ગણે છે, કારણ કે આ પ્લેટફોર્મ પર ચમકવું એ સીધેસીધું સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર બનવાનું સર્ટિફિકેટ સમજાય છે. શાબ્દિક અને વૈચારિક ગંદકી એટલી હદે ફેલાઈ રહી છે અને બિભત્સતા એટલી વધી રહી છે કે સામાન્ય માનવીની સમજમાં નથી આવતું કે આને કઈ રીતે કાબુમાં લઈ શકાશે. કોઈ છોકરીને ગંદી ગાળો બોલતી બતાવો તો એ વિડિયો હિટ જાય છે, તેની ગેરંટી છે. આખો કારોબાર આ રીતે ગોઠવાઈ રહ્યો છે અને યુવાધન તેની પાછળ બરબાદ થઈ રહ્યું છે. કાનૂની કાર્યવાહી થશે અને તેમને કદાચ થોડી સજા પણ થશે, પરંતુ બધાને એક ખાતરી છે કે આ વિવાદને લીધે તેમનું માર્કેટ ખૂબ ઊંચું જતું રહેશે અને આ રિલ્સ અને વિડીયોની દુનિયામાં સફળતાની ગેરંટી આ વિવાદ જ બને છે. ધાર્મિક લોકો, સમાજશાસ્ત્રીઓ, શિક્ષણવિદો, સાહિત્યકારો બધા જ ચિંતિત છે. અને આવતા ભવિષ્ય માટે શું કરવું તેની મૂંઝવણ અનુભવી રહ્યા છે.

આવો ! આ સમયે આપણે અલ્લાહે આપેલ દીનની રોશનીમાં,કુરાન અને સુન્નત ની રોશનીમાં, એવા સાર્થક પ્રયત્નો કરીએ, જેથી એક તરફ આપણે નવી ટેકનોલોજીનો ભરપૂર હકારાત્મક ઉપયોગ કરી નવ યુવાનોને તથા વિદ્યાર્થીઓને દિશા ચિંધીએ, તો બીજી તરફ તેમનું આધ્યાત્મિક અને નૈતિક માર્ગદર્શન પણ કુરાન અને સુન્નત ની રોશની માં કરતા જઈએ.

"બરાબર જાણી લો કે આ દુનિયાનું જીવન તેના સિવાય કંઈ નથી કે એક ખેલ અને દિલ્લગી અને બાહ્ય ભપકો અને એકબીજાના સામે શેખી કરવી અને ધન અને સંતાનમાં એકબીજાથી આગળ વધી જવાની કોશિશ કરવું છે. આનું દૃષ્ટાંત એવું છે કે જાણે એક વરસાદ થઈ ગયો તો તેનાથી પેદા થનારી ખેતી જોઈને ખેડૂતો ખુશ થઈ ગયા. પછી તે જ ખેતી પાકી જાય છે અને તમે જુઓ છો કે પીળી પડી ગઈ, પછી તે ભૂસું બનીને રહી જાય છે. આનાથી વિપરીત આખિરત (પરલોક) તે જગ્યા છે જ્યાં કઠોર યાતના છે અને અલ્લાહની ક્ષમા અને તેની પ્રસન્નતા છે. દુનિયાનું જીવન ભ્રમમાં નાખવા ઊભી કરેલ માયાજાળ સિવાય કશું નથી." (સૂરઃ હદીદ આયાત : ૨૦) •••


*લેખ સૌજન્ય: "શાહીન સાપ્તાહિક"*

# બ્રાહ્મણોના વંશીય ગર્વના ઊંડા મૂળ

આપણો દેશ વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાનો દાવો કરે છે, પરંતુ તેની સામાજિક વાસ્તવિકતા કંઈક અલગ જ કહાની કહે છે. દેશના બંધારણમાં લોકશાહી, સમાનતા અને ન્યાયની લેખિત બાંયધરીઓ હોવા છતાં, દેશની એક મોટી વસ્તી સાથે જાતિના આધારે સદીઓથી ચાલી આવતો ભેદભાવ આજે પણ ચાલુ છે. અહીં દલિતો અને અન્ય પછાત વર્ગોને હંમેશાં બીજા દરજ્જાના નાગરિકો ગણવામાં આવ્યા છે, તેઓને માત્ર સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસથી વંચિત રાખવામાં આવ્યા છે, એટલું જ નહીં બલ્કે જો કોઈ પોતાની મહેનતથી આગળ વધવાનો પ્રયાસ કરે છે, તો તેના માર્ગમાં જુલમ અને અન્યાયની દીવાલ ઊભી કરી દેવામાં આવે છે.

આમ, ડૉ. શિપ્રા ઉકે અને ડૉ. શિવ શંકર દાસ સાથે બનેલી ગંભીર ઘટના અને તેમની છ વર્ષની લાંબી કાનૂની લડાઈ આ હકીકતનો સ્પષ્ટ બોલતો પુરાવો છે કે ભારતમાં જાતિવાદનું શોષણખોર તંત્ર કેટલું ક્રૂર અને ઘાતકી સ્વરૂપે લોકો પર આધિપત્ય જમાવે છે. જો કે ડૉ. શિપ્રા ઉકે અને ડૉ. શિવ શંકર દાસનો કેસ ભારતમાં ન્યાય માટે એક મોટી જીત છે, જેનાથી એ સ્પષ્ટ થાય છે કે જો હિંમત અને હોંસલા સાથે ન્યાય માટે સંઘર્ષ કરવામાં આવે તો સફળતા મળીને જ રહે છે. પરંતુ તેનાથી એ પણ ખબર પડે છે કે આ સમાજમાં જાતિના આધારે થતા અત્યાચારના મૂળ કેટલા ઊંડા છે. આ ભારતના “લોકશાહી”ના મોઢા પર એક જોરદાર તમાચો છે જે આજે પણ દલિતો અને પછાત વર્ગોને તેમના મૂળભૂત અધિકારોથી વંચિત રાખે છે.

ડૉ. શિપ્રા ઉકે અને તેમના પતિ ડૉ. શિવ શંકર દાસ બંને ઉચ્ચ શિક્ષિત દલિત સંશોધકો છે. તેમનો ગુનો માત્ર એટલો જ હતો કે તેઓ પોતાની વિદ્વાન ક્ષમતા દ્વારા એક સ્વતંત્ર શૈક્ષણિક, સંશોધન અને શૈક્ષણિક જીવન જીવવા માંગતા હતા જે બ્રાહ્મણવાદી માનસિકતા માટે અસ્વીકાર્ય હતું. આ બંને એક મહત્ત્વપૂર્ણ સંશોધન પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હતા, જેના માટે તેમણે ઘણા વર્ષો સુધી ડેટા એકત્રિત કર્યો, સંશોધન કર્યું અને અસંખ્ય અહેવાલો અને વિદ્વાન નિબંધો લખ્યા. પરંતુ તેમની પ્રગતિ અને શૈક્ષણિક પ્રવાસ એક ખતરો બની ગયો, ખાસ કરીને જ્યારે તેઓ સામાજિક ન્યાયની ચળવળો સાથે સંકળાયેલા માલૂમ પડ્યા



અને રોહિત વેમુલા ફાઉન્ડેશન હેઠળ દલિતોના અધિકારો માટે સક્રિય થયા. આ જ કારણ હતું કે ૨૦૧૮ માં જ્યારે તેઓ સંશોધન કાર્યના સંબંધમાં દિલ્હી ગયા ત્યારે તેમના ઘરે એક સુવ્યવસ્થિત કાવતરા હેઠળ હુમલો કરવામાં આવ્યો હતો. તેમની ગેરહાજરીમાં તેમના ફ્લેટને તોડી પાડવામાં આવ્યો હતો અને ત્યાં હાજર ૫૦૦૦ થી વધુ સંશોધન સર્વેના નમૂનાઓ, કિંમતી સંશોધન ડેટા, હાર્ડ ડ્રાઈવો, લેપટોપ, પેન ડ્રાઈવો, શૈક્ષણિક પ્રમાણપત્રો અને તેમના વર્ષોની મહેનતની મૂલ્યવાન મૂડી લૂંટી લેવામાં આવી હતી. આ માત્ર ચોરી ન હતી પરંતુ એક આયોજન બદ્ધ ષડ્યંત્ર હતું, જેથી દલિત સંશોધકોને પ્રગતિ કરતા અટકાવી શકાય અને તેમને એટલું આર્થિક અને માનસિક નુકસાન પહોંચાડવામાં આવે કે તેઓ ફરી ક્યારેય સંશોધન ક્ષેત્રે પાછા ન ફરે.

જ્યારે તેઓ પાછા ફર્યા અને તેમણે તેમનું તબાહ થયેલું ઘર જોયું, ત્યારે તેઓ પોલીસ સ્ટેશન ગયા. આટલા ગંભીર મામલામાં એટલું જ નહીં કે પોલીસે માત્ર ફરિયાદ નોંધાવવાની ના પાડી, પરંતુ તેઓને કલાકો સુધી બેસાડી રાખ્યા અને પછી નજીવી કલમો હેઠળ કેસ નોંધ્યો, જેથી ગુનેગારોને બચાવી શકાય. બાદમાં જ્યારે મામલો વધુ ગંભીર થયો અને કોર્ટમાં પહોંચ્યો, ત્યારે પોલીસની મિલીભગતથી કેસના અસલી પુરાવા કાં તો ખતમ કરી દેવામાં આવ્યા અથવા ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા.

આ સમગ્ર મામલામાં પોલીસે પીડિતોને બદલે ગુનેગારોનો સાથ આપ્યો. તેમણે ફરિયાદ નોંધાવવામાં વિલંબ કર્યો, પુરાવા નષ્ટ કર્યા અને ફરિયાદ કરનારને બદલે ગુનેગારોને રક્ષણ આપ્યું. જો કે કોર્ટે આખરે તેમના પક્ષમાં ચુકાદો આપ્યો, પરંતુ તે માટે તેમને છ વર્ષ લાગી ગયા. આ દરમિયાન તેમને ગંભીર માનસિક, આર્થિક અને શારીરિક નુકસાન થયું હતું. આ કેસમાં સાત પોલીસ અધિકારીઓને આંતરિક તપાસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા, પરંતુ તેમની સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી ન હતી. માત્ર તેમના કેટલાક મહિનાના પગાર વધારા રોકવામાં આવ્યા હતા, જે એક મજાક સિવાય બીજું કંઈ નથી.

આ મામલો ફક્ત ડૉક્ટર શિપ્રા ઉકે અને ડૉક્ટર શિવશંકર દાસનો નથી, પરંતુ દરેક દલિત, મુસ્લિમ અથવા પછાત વર્ગનો છે, જે ભારતમાં બ્રાહ્મણવાદી વર્ચસ્વને પડકારે છે. જ્ઞાતિવાદ હિન્દુ ધર્મનું શોષણખોર પાસું છે જેણે સદીઓથી સમાજને જકડી રાખ્યો છે. આ હેઠળ દલિતોને શિક્ષણ મેળવવાની તકો આપવાના બદલે તેમને આગળ વધતા રોકવા માટે નવા નવા હથકંડા અપનાવવામાં આવે છે, જેમ કે શિપ્રા ઉકે સાથે થયું હતું. તેમને રોજગાર આપવામાં અન્યાય કરવામાં આવે છે. તેમને સારી સરકારી અથવા ખાનગી સંસ્થાઓમાં જગ્યા આપવામાં આવતી નથી, અને જો કોઈ યોગ્યતાના આધારે આગળ વધે તો તેને કોઈક બહાને પાછળ ધકેલી દેવામાં આવે છે. દલિતોને સામાજિક સ્તરે નીચે રાખવાના તમામ પ્રયાસો કરવામાં આવે છે. બ્રાહ્મણવાદની સમગ્ર શક્તિ એ વાત પર કેન્દ્રિત હોય છે કે કોઈપણ રીતે દલિતો અને પછાત વર્ગો આગળ ન વધે, પરંતુ તેમના ગુલામ બનીને રહે. આ માત્ર દલિતોનો પ્રશ્ન નથી, પરંતુ સમગ્ર માનવતા અને સામાજિક ન્યાયનો પ્રશ્ન છે. જો કોઈ દેશમાં મનુષ્યોને તેમના જન્મસ્થાન, જ્ઞાતિ અથવા જાતિના આધારે નીચ ગણીને વિકાસની તકોથી વંચિત રાખવામાં આવે તો તે દેશ ન તો ક્યારેય વિકાસ કરી શકે છે અને ન તો તેમાં શાંતિ અને સલામતી રહી શકે છે. તેથી આ અત્યાચાર અને અન્યાય સામે ઊભા રહેવું એ દરેક વ્યક્તિની જવાબદારી છે. આ સંદર્ભમાં મુસ્લિમોની જવાબદારી વધુ વધી જાય છે કારણ કે ઇસ્લામ હંમેશાં ન્યાય અને ન્યાયની સ્થાપના અને શોષણખોર પ્રણાલીના અંતનો ઉપદેશક રહ્યો છે. ઇસ્લામના પયગંબર મુહમ્મદ ? એ જ્ઞાતિવાદની શ્રેષ્ઠતા અને વંશીય ગર્વની જડો કાપી નાખી અને એક એવો સમાજ સ્થાપિત કર્યો જેમાં દરેક વ્યક્તિ સમાન અધિકારો મેળવી શકે. તેથી ભારતમાં મુસ્લિમોએ દલિતો અને પછાત વર્ગોના અધિકારો માટે લડવું પડશે, કારણ કે આ માત્ર દલિતોનો પ્રશ્ન નથી પરંતુ તમામ માનવોના અધિકારોનો પ્રશ્ન છે. જ્યારે એક વર્ગ પોતાને સર્વોપરી માને છે, ત્યારે તે પોતાની સર્વોપરિતા સ્થાપિત કરવા માટે તમામ પ્રકારના અત્યાચારો કરે છે જેનાથી મનુષ્યોનો કોઈ પણ વર્ગ બચી શકતો નથી. અને મુસ્લિમોનો ધર્મ તેમને ન્યાયના ધ્વજધારી બનીને ઊભા રહેવાનો આદેશ આપે છે. તેથી તેઓએ આ અત્યાચાર અને અન્યાય સામે ઊભા રહેવું જોઈએ. જો મુસ્લિમો આ અત્યાચાર પર મૌન રહેશે તો ઈતિહાસ તેમને પણ જુલમીઓના સાથીદાર ગણશે. ન્યાય અને સામાજિક ન્યાયની સ્થાપના ઇસ્લામિક શિક્ષણનો આત્મા છે અને તે માટે મુસ્લિમોએ મજબૂત ભૂમિકા ભજવવી પડશે. •••

(સૌજન્યઃ ‘‘ઇન્ડિયા ટુમોરો’’)

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાત

## ભારત અમેરિકા પાસેથી અબજો ડોલરના હથિયારો અને અત્યાધુનિક F-35 બોમ્બર ખરીદશે

## મોદી ભારતીય સ્થળાંતર કરનારાઓ સાથે દુર્વ્યવહાર પર મૌન

## સંયુકત નિવેદનમાં પાકિસ્તાન પર આતંકવાદીઓને મદદ કરવાનો આરોપ

ટ્રમ્પે સત્તા સંભાળ્યા પછી નેતન્યાહૂ, જાપાની વડા પ્રધાન ઈશિબા અને જોર્ડનના રાજા અબ્દુલ્લા IV પછી નરેન્દ્ર મોદી વોશિંગ્ટનની મુલાકાત લેનારા ચોથા વિદેશી નેતા છે. શ્રી મોદીની સાથે વિદેશ મંત્રી જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ પણ અમેરિકા ગયા હતા.

ગુરુવાર, ૧૩ ફેબ્રુઆરીના રોજ વોશિંગ્ટન પહોંચ્યા પછી, મોદીએ યુએસ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર શ્રીમતી તુલસી ગબાર્ડ સાથે મુલાકાત કરી. કમલા હેરિસ અમેરિકન ઈતિહાસમાં પ્રથમ હિન્દુ ઉપરાષ્ટ્રપતિ છે, જ્યારે તુલસીજી પ્રથમ હિન્દુ કેબિનેટ સભ્ય છે. ફરક એ છે કે કમલા એક શ્રદ્ધાળુ હિન્દુ છે, જ્યારે તુલસી અત્યંત રૂઢિચુસ્ત છે. ત્યારબાદ ભારતીય વડાપ્રધાને રાષ્ટ્રપતિ ટ્રમ્પના ખાસ સલાહકાર અને સરકારી મિશનને સુધારવા માટે નવી બનાવેલી સંસ્થા DOGEના વડા એલોન મસ્ક સાથે મુલાકાત કરી. મોદી-ટ્રમ્પ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યારે એક પત્રકારે મુલાકાત વિશે પૂછ્યું, ત્યારે યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું, ''મને ખબર નથી કે એલોન મસ્ક મોદીને કેમ મળ્યા અને શું થયું. મને લાગે છે કે મસ્ક ભારતમાં વ્યવસાય કરવા માંગે છે.'' ભારતના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતીય વડાપ્રધાને એલોન મસ્ક સાથે નવીનતા, અવકાશ સંશોધન, કૃત્રિમ બુદ્ધિમતા AI અને ટકાઉ વિકાસમાં ભારતીય અને અમેરિકન સંસ્થાઓ વચ્ચે



સહયોગ મજબૂત કરવા અંગે ચર્ચા કરી હતી. વડાપ્રધાન મોદીએ ભારતીય મૂળના અબજોપતિ અને ભૂતપૂર્વ રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર વોકે રામાસ્વામીને પણ મળ્યા હતા, જેઓ સરકારી ગેસ્ટહાઉસ બ્લેર હાઉસમાં મોદીને મળવા આવ્યા હતા.

મોદીના આ પ્રવાસનો મૂળભૂત હેતુ વેપારી બાબતો પર બંને દેશો વચ્ચે સહમતિ પ્રાપ્ત કરવાનો હતો અને પાક-ભારત સંબંધોના સંદર્ભમાં વ્યૂહાત્મક લક્ષ્ય ઈસ્લામાબાદ વિરુદ્ધ આતંકવાદના આરોપો પર અમેરિકાનું સમર્થન મેળવવાનું હતું. ભારતીય વડાપ્રધાને અત્યંત એકાગ્રતાથી પોતાનું ધ્યાન આ બે બાબતો સુધી મર્યાદિત રાખ્યું અને તાજેતરમાં ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને જે શરમજનક રીતે વ્યવસાયિક ગુનેગારોની જેમ હાથકડીઓ પહેરાવીને ભારત મોકલવામાં આવ્યા, તે તરફ મોદીએ સહેજ પણ ઈશારો કર્યો નહીં.

જ્યાં સુધી પરસ્પર વેપારનો સવાલ છે, ત્યારે યુ.એસ. માટે ભારતની નિકાસનું પ્રમાણ હાલમાં ૬૦ અબજ ડોલરની નજીક છે, જ્યારે યુ.એસ. ૩૮ અબજ ડોલરની પ્રોડક્ટ્સ ભારત મોકલે છે. વેપારનું સંતુલન ૨૨ અબજ ડોલરની ખોટ રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે સ્વીકાર્ય નથી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ૨૫ ટકા આયાત ટેરિફ લાદ્યો છે, જેના કારણે આ બે ધાતુઓની ભારતીય નિકાસ લગભગ ત્રણ અબજ ડોલરથી ઘટીને એક અબજ ડોલરથી પણ ઓછી થવાની સંભાવના

છે. આ મુલાકાતના બીજા દિવસે જારી કરાયેલા રાષ્ટ્રપતિના આદેશમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે વિશ્વના તમામ દેશો પાસેથી સમાન ધોરણે અથવા પરસ્પર ટેરિફ વસૂલ કરવાનો આદેશ આપ્યો છે. ચુકવણીના સંતુલન વિશે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે તેઓ આ બાબતમાં દરેક દેશની વ્યક્તિગત રીતે સમીક્ષા કરશે અને તેમના માટે આ બાબતમાં કોઈપણ પ્રકારની ખોટ અસહ્ય છે.

ચુકવણીના સંતુલનને સુધારવા માટે, ભારત મુલાકાત પહેલાં જ અમેરિકન મોટરસાયકલ પરની આયાત ટેરિફ રદ કરી દીધી હતી, અને ૧૪ ફેબ્રુઆરીએ ભારતીય લોકોને વેલેન્ટાઇન ભેટ આપતા, મકાઈમાંથી કાઢવામાં આવેલી પ્રખ્યાત અમેરિકન બોર્બોન વ્હિસ્કી પરની આયાત ટેરિફ દોઢસો ટકાથી ઘટાડીને સો ટકા કરી દીધી હતી. યુ.એસ.થી ભારત નિકાસ કરવામાં આવતી વ્હિસ્કીનું પ્રમાણ વાર્ષિક ૨૫ લાખ ડોલર છે.

બેઠક દરમિયાન, ભારતીય વડાપ્રધાને યુએસ રાષ્ટ્રપતિ સમક્ષ દ્વિપક્ષીય વેપારના ચુકવણી સંતુલનને સુધારવા માટે યુએસ પાસેથી શસ્ત્રો, વિમાન એન્જિન અને LNG ખરીદવાની યોજના રજૂ કરી. તે જ સમયે, તેમણે અમેરિકન આયાત પરના ટેરિફમાં ભારે ઘટાડો કરવાનું પણ વચન આપ્યું. વેપાર મુદ્દાઓની સાથે, ભારતીય વડાપ્રધાને અમેરિકન રાષ્ટ્રપતિ સાથે સરહદ પારના આતંકવાદ અને તેમાં પાકિસ્તાનની 'સંડોવણી' અંગે ચર્ચા કરી. વડાપ્રધાનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને ટાંકીને કહેવામાં આવ્યું છે કે અમેરિકન રાષ્ટ્રપતિએ આ મુદ્દાઓ પર ભારતીય વડાપ્રધાનના વલણને ટેકો આપ્યો હતો. મોદીએ મુંબઈ હુમલાના કથિત આરોપી, જેને ૨૬/૧૧ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને ભારતને પ્રત્યાર્પણ કરવાની ભારપૂર્વક માંગ કરી હતી. તહુર અલી રાણા પાકિસ્તાની સેનાના મેડિકલ કોર્પ્સમાં કેપ્ટન હતા. તેઓ નિવૃત્તિ પછી કેનેડા ગયા અને ઇમિગ્રેશન અને વિઝામાં કામ કરવાનું શરૂ કર્યું. તેમની પાસે અમેરિકાની રાજધાની શિકાગો અને ટોરોન્ટોમાં ઓફિસ હતી. રાણાને ૨૦૦૯માં ડેનિશ અખબાર જિલેન્ડ્સ-પોસ્ટેન પર હુમલો કરવાનું કાવતરું ઘડવાના આરોપમાં શિકાગોમાં ધરપકડ કરવામાં આવી હતી, જેણે નિંદાત્મક કાર્ટૂન પ્રકાશિત કર્યા હતા, અને તપાસ દરમિયાન, મુંબઈ હુમલાના આરોપને પણ તેમના આરોપમાં સામેલ કરવામાં આવ્યો હતો, જે હુમલા સમયે તાજમહેલ પેલેસ હોટેલમાં તેમની હાજરીના આધારે હતો. તહુર રાણા કહે છે કે તેઓ તેમની પત્ની સાથે કેનેડા આવવા માંગતા લોકો સાથે વાત કરવા મુંબઈ ગયા હતા. થોડા સમય પહેલા, યુએસ સુપ્રીમ કોર્ટ દ્વારા તાહુર અલી રાણાના ભારત પ્રત્યાર્પણને મંજૂરી આપવામાં આવી હતી.

બેઠક પછી સંયુક્ત પત્રકાર પરિષદમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પનો સ્વર



ઉત્સાહી હતો. તેમણે કહ્યું કે મોદી અને ભારત સાથે અમારો 'ખાસ સંબંધ' છે. ભારતીય વડાપ્રધાનની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે તેઓ તેમના કરતા નરમ બોલતા, ગરમાગરમ અને ઘણા મજબૂત વાટાઘાટકાર છે. જોકે, દ્વિપક્ષીય વેપાર અંગે, ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું કે ભારત સાથે પણ તે જ ટેરિફ રહેશે જે તેઓ યુનાઈટેડ સ્ટેટ્સ પર લાદે છે.

ભારતને તેલ અને ગેસ આપવાની જાહેરાત કરતી વખતે અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું છે કે આપણી પાસે ઘણું તેલ અને ગેસ છે જે આપણે ભારતને આપી શકીએ છીએ. તેમણે કહ્યું કે તેઓ ભારતને અનેક અબજ ડોલરના લશ્કરી સાધનો પૂરા પાડશે, જેમાં F-૩૫ વિમાનનો પણ સમાવેશ થાય છે. એવું લાગે છે કે ભારત યુનાઈટેડ સ્ટેટ્સ, ઈઝરાયલ, બ્રિટન, ઈટાલી, નેધરલેન્ડ્સ, ઓસ્ટ્રેલિયા, નોર્વે, જાપાન અને દક્ષિણ કોરિયા પછી નવીનતમ ફ઼૩૫ સ્ટીલ્થ બોમ્બર ધરાવતો દસમો દેશ બનશે.

અમેરિકી રાષ્ટ્રપતિએ આતંકવાદ સામે સાથે મળીને કામ કરવાનો પોતાનો નિર્ધાર વ્યક્ત કર્યો. તાહુર રાણાના ભારત પ્રત્યાર્પણની પુષ્ટિ કરતા ટ્રમ્પે કહ્યું, ''મારા વહીવટીતંત્રે ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ અને વિશ્વના સૌથી દુષ્ટ માણસોમાંના એકના પ્રત્યાર્પણને મંજૂરી આપી છે, અને તેને ન્યાયનો સામનો કરવા માટે ભારત મોકલવામાં આવી રહ્યો છે.''

આ પ્રસંગે સ્લિપ પર લખેલું નિવેદન વાંચતી વખતે મોદીએ કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા-ભારત સંબંધોને પુનર્જીવિત કર્યા છે, ટ્રમ્પ અમેરિકાને મહાન (MAGA) બનાવવા માંગે છે અને અમે ભારતને મહાન (MIGA) બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. ભારતના વડાપ્રધાને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વેપાર સહયોગ વધારવાની જાહેરાત કરતા કહ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત કૃત્રિમ બુદ્ધિમતા (AI), પરમાણુ ઉર્જા, સેમિકન્ડક્ટર ટેકનોલોજીમાં સાથે મળીને કામ કરશે અને ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારનું પ્રમાણ $500 બિલિયન સુધી વધારવામાં આવશે. સંરક્ષણ સહયોગનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું કે અમેરિકા અને ભારત હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ સ્થાપિત કરવા માટે સાથે મળીને કામ કરશે. આતંકવાદનો સામનો કરવા માટે અમેરિકા અને ભારત સમાન વિચારો અને અભિગમ ધરાવે છે. નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરહદ પારના આતંકવાદને નાબૂદ કરવા માટે નક્કર પગલાં લેવાની જરૂર છે. આ સંદર્ભમાં, સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાને મુંબઈ અને પઠાણકોટ હુમલા માટે જવાબદાર લોકોને ન્યાયના કઠેડામાં લાવવા જોઈએ અને સરહદ પાર આતંકવાદ માટે તેના પ્રદેશનો ઉપયોગ થવા દેવો જોઈએ નહીં.

સંયુક્ત નિવેદન પર તીવ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરતા, પાકિસ્તાની વિદેશ મંત્રાલયે પાકિસ્તાનના ઉલ્લેખને એકતરફી, ભ્રામક અને રાજદ્વારી મૂલ્યોની વિરુદ્ધ ગણાવ્યો. વિદેશ કાર્યાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સંયુક્ત નિવેદનમાં આવા સંદર્ભનો સમાવેશ કરીને, ભારત દ્વારા તેની સરહદોની બહાર આતંકવાદ, સલામત આશ્રયસ્થાનો અને ન્યાયિક હત્યાઓને પ્રાયોજિત કરવાના પ્રયાસને ઢાંકી શકાય નહીં.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમની મુલાકાત દરમિયાન વડા પ્રધાન મોદીને એક આલ્બમ ભેટમાં આપ્યું. 'સ્ટેપ બાય સ્ટેપ' અથવા "Our Journey Together" શીર્ષકવાળા આ આલ્બમમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પના શરૂઆતના દિવસોથી લઈને અત્યાર સુધીના ભારત સાથે સંબંધિત ફોટા શામેલ છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ આલ્બમ પર પોતાના હસ્તાક્ષરમાં લખ્યું: "Mr Prime Minister, you are great" •••


ઉમર ફારૂક — M: 99797 68850
ઉમર ફારૂક — 98243 00540
ઈસ્માઈલ — 9106132352

# ગુલામભાઈ વાસણવાળા

**વાસણો ભાડેથી આપનાર**

(ગોડાઉન): બાવામાનપુરા, વીમા દવાખાના પાછળ, કોર્ટયાક પોલીસ ચોકીની સામે, વડોદરા -૧૭.

(ઘર): વાડી, નવાપુરા નાકે, શાસ્ત્રીબાગ રોડ, વડોદરા - ૧૭

ચિંતન-મનન

✍ મુહમ્મદ રુવૈદ ખાન ફલાહી



# સામાજિક નૈતિકતાના કેટલાક મહત્ત્વના પાસાં

ઇસ્લામમાં ઈમાન પછી સૌથી વધુ મહત્ત્વ ઉચ્ચ નૈતિકતાને પ્રાપ્ત છે. આ જ કારણ છે કે ઇસ્લામ મનુષ્યના ચારિત્ર્યને સંવારવા-શણગારવા અને તેના અમલને લાભદાયી બનાવવા પર ખાસ ભાર મૂકે છે. આ અંગે જાણીતા લેખક મૌલાના સૈયદ હામિદ અલી પોતાના પુસ્તકમાં લખે છે કે "ઇસ્લામમાં સૌથી વધુ મહત્ત્વ મનુષ્યના ચારિત્ર્ય અને તેના અમલનું છે. વાસ્તવમાં ઈસ્લામ નામ જ છે ઈમાન અને નેક કાર્યોનું. આથી જ દુનિયા અને આખિરતમાં અલ્લાહના તમામ વાયદા ઈમાન અને નેક કાર્યોની શરત સાથે જ છે. કુર્આનમજીદમાં ઈમાન સાથે અનેક સ્થળોએ નેક કાર્યોનો ઉલ્લેખ આવ્યો છે."

નૈતિકતાનો વિષય અલ્લાહના રસૂલ ﷺ ના ઉલ્લેખ કે વર્ણન વિના અધૂરો છે. અલ્લાહના રસૂલની નૈતિકતા કુર્આનની જીવંત તસ્વીર હતી, અને અન્યો માટે સંપૂર્ણપણે નફાકારક અને લાભદાયી હતા. આપ સ.અ.વ.ના પવિત્ર જીવનથી ઈસ્લામી નૈતિકતાની પૂર્ણતાનો નમૂનો મળે છે. ઈસ્લામી નૈતિકતાને વર્ણવવા માટે અનેક પૃષ્ઠોની આવશ્યકતા છે. આથી નૈતિકતાના વિષયને સીમિત કરતાં અહીં સામાજિક નૈતિકતાના કેટલાક પાસાઓનું વર્ણન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે જેથી દરેક વ્યક્તિને પોતાની જવાબદારીનો અહેસાસ થાય. જેના પરિણામે એક નૈતિકવાન અને પવિત્ર સમાજની રચના કરી શકાય.

**મસ્જિદોની સફાઈનું નિયમિત પાલન દરેક વ્યક્તિની જવાબદારી**

મસ્જિદોની સફાઈ એક મુકદ્દસ અને પવિત્ર કાર્ય છે, જે ખૂબ જ સાવચેતી અને આદર-પૂર્વક અદા કરવું જોઈએ, કેમકે આનાથી મુસ્લિમ ઉમ્મતની ઓળખ અને ઈસ્લામી સભ્યતા-સંસ્કૃતિમાં પાકી તથા પવિત્રતાની કલ્પના સ્પષ્ટ થાય છે. મસ્જિદની સફાઈનું પાલન સમાજની દરેક વ્યક્તિની જવાબદારી છે. મસ્જિદોની સફાઈથી સંબંધિત અહીં કેટલાક સૂચનો રજૂ કરવામાં આવ્યા છે : વુઝૂના પાણીને આમ-તેમ છાંટવું એક અનૈતિક અને અપ્રિય કાર્ય છે, જેનાથી બીજાઓને તકલીફ થાય છે. આ બાબતથી બચવુ જોઈએ. વુઝૂથી ફારેગ થયા પછી, પાણીને આમ-તેમ છાંટવાના બદલે રૂમાલ વિ.થી લૂંછી લો. આ જ રીતે મસ્જિદમાં દાખલ થયા પછી એકબીજાની ચંપલ પર ચંપલ મૂકવી, અથવા બીજાની ચંપલ ખસેડી પોતાની ચંપલ મૂકવી પણ અપ્રિય અને નીંદનીય કૃત્ય છે. શક્ય હોય ત્યાં સુધી આ કાર્યથી બચવામાં આવે અને વ્યવસ્થિત કે ક્રમબદ્ધ રીતે ચંપલો રાખવામાં આવે. કેમકે અલ્લાહના રસૂલ ﷺનું દરેક અમલ વ્યવસ્થિત અને ક્રમવાર રહેતું હતું અને આપના દરેક કાર્યથી સૌંદર્ય ઝલકતું હતું. સામાન્ય રીતે મસ્જિદોના ટોયલેટની જગ્યા અને વુઝૂખાનાની સફાઈમાં આપણે લોકો ખૂબ જ ઢીલ કરીએ છીએ, જયારે કે નાનપણથી જ આપણને આ જ

શીખવવામાં આવ્યું છે કે પાકી અને સફાઈ અડધો ઈમાન છે. આથી પાકી (પવિત્રતા, સફાઈ)ની ધારણાને ધ્યાનમાં રાખી જિંદાદિલીનો પુરાવો આપો અને સફાઈ-સુથરાઈનું દરેક જગ્યાએ ધ્યાન રાખો. વુઝૂખાના અને ગુસલખાનાની સફાઈ પર ખાસ ધ્યાન આપો. આ સફાઈ માટે વિશેષ ક્લિનર અને બ્રશનો ઉપયોગ કરી શકાય છે અને આ કાર્યને દરરોજ અંજામ દેવાની તકલીફ લેવામાં આવે કે જેથી સફાઈ-સુથરાઈ જળવાઈ રહે. મસ્જિદોની સફાઈનું કામ ફરશ પર ઝાડૂ લગાવવવાથી શરૂ કરી શકાય છે, જેનાથી ધૂળ-માટી અને કચરો સાફ થઈ જશે. પછી મસ્જિદના ફરશને સાફ પાણી અને સાબૂથી ધોવામાં આવે. જો ફરશ પર કાલીન/ગાલીચો હોય તો કાલીન/ગાલીચાની સફાઈ માટે વેકયૂમ ક્લિનરનો ઉપયોગ કરી શકાય છે. દીવાલો અને બારીઓને ભીના કપડાથી સાફ કરો કે જેથી ત્યાં રહેલ ધૂળ સાફ થઈ જાય. મસ્જિદમાં ખુશ્બૂ-સુગંધ લગાડવાથી તેના વાતાવરણને સુગંધિત કરવામાં આવે. આવી જ રીતે મસ્જિદોમાં રાખેલા કુર્આનમજીદ અને અન્ય પવિત્ર પુસ્તકોની દેખભાળ અને સફાઈ પણ ખાસ ધ્યાનપૂર્વક કરો. સામાન્ય રીતે ત્યાં ધૂળ અને માટી ચોંટી જાય છે અને આપણી નજરોથી ઓઝલ રહે છે. મસ્જિદોની સફાઈનું ખાસ આયોજન કરવું જોઈએ અને વિધિવત્ સફાઈના કામોને અંજામ આપીને સામાજિક નૈતિકતાનો પુરાવો રજૂ કરવામાં આવે કે જેથી મસ્જિદ હંમેશાં પાક-સાફ રહે.

**રસ્તાના સિદ્ધાંત અને આદાબ**

સામાજિક નૈતિકતાનું એક મહત્ત્વનું પાસું રસ્તાના સિદ્ધાંત તથા આદાબ (નિયમ, શિષ્ટાચાર)નું ધ્યાન રાખવું છે. રસ્તાના સિદ્ધાંત તથા આદાબનું ધ્યાન રાખવું દરેક વ્યક્તિની સામાજિક અને કાનૂની જવાબદારી છે. આ સિદ્ધાંતો એટલા માટે અમલમાં લાવવામાં આવે છે કે જેથી પબ્લીક કે જાહેર સ્થળોએ શાંતિ અને સલામતી ટકી રહે. આ સિદ્ધાંતોનું અનુસરણ કરવાથી ટ્રાફિકની સમસ્યાઓ ઘટી જાય છે અને ઘટનાઓનું પ્રમાણ પણ ઓછું થઈ જાય છે. અહીં કેટલાક મહત્ત્વના સિદ્ધાંતો તથા શિષ્ટાચારનું વર્ણન કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેનું ધ્યાન રાખવામાં દરેકની ભલાઈ છે. રસ્તામાં ચાલતી વખતે પોતાની સાઈડનું ધ્યાન રાખવામાં આવે. હંમેશાં પોતાની સાઈડ પર ચાલો, ખોટી સાઈડ પર ચાલવાથી ટ્રાફિક જામ થઈ શકે છે અને આપણા દ્વારા અન્યોને તકલીફનો સામનો કરવો પડી શકે છે. આથી આ વાતનો ખ્યાલ રાખવામાં આવે કે કોઈને આપણાથી તકલીફ ન થાય. ટ્રાફિક સિગ્નલ્સનું પાલન કરવામાં આવે. જો લાલ સિગ્નલ હોય તો થોભવામાં આવે અને જો ગ્રીન સિગ્નલ હોય તો પોતાના માર્ગે આગળ વધવામાં આવે. રસ્તામાં ચાલતી વખતે કે ગાડી ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવામાં ન આવે. આનાથી ધ્યાન ફંટાય છે અને અકસ્માતોનો ખતરો વધી જાય છે. જો તમે ગાડી ચલાવી રહ્યા છો તો પગપાળા ચાલનારાઓને રસ્તો આપો અને પોતાની ગાડીથી તેમને કોઈ પણ પ્રકારની તકલીફ ન પહોંચાડો. જરૂરત વગર હોર્ન વગાડવાથી બચો, અને રસ્તામાં ઘોંઘાટ ન કરો. આ અમલ અન્યો માટે મુશ્કેલીનું કારણ બને છે. રસ્તો આપવાનું શીખો. જો રસ્તો સાંકડો હોય અથવા કોઈ ઉતાવળમાં હોય તો તેને પહેલાં જવા દો. આવી જ રીતે ધૈર્યથી કામ લો. ભીડ-ભાડના સમયે કે સાંકડા માર્ગો પર હંમેશાં ધીમે ધીમે ચાલો. આ તમારી તથા અન્યોની સલામતી માટે જરૂરી છે. જો તમે ગાડી ચલાવી રહ્યા છો તો વળતી વખતે હંમેશાં સિગ્નલનો ધ્યાન રાખો જેથી પાછળ આવનાર વાહનોની જાણ થાય. આ સિદ્ધાંતો પર અમલ કરવું ફક્ત તમારા જ નહીં બલ્કે બીજાના જીવનોને પણ સુરક્ષિત બનાવે છે. આ શિષ્ટાચારનું અનુસરણ કરી આપણે એક સારા અને સુરક્ષિત સમાજની રચના કરી શકીએ છીએ.

**નીતિ-નિયમો પર પાલન એ રાહતનું માધ્યમ**

નીતિ-નિયમો કે વ્યવસ્થાનું અનુસરણ કરવામાં તમામ લોકો માટે રાહત અને સંતોષ છે. આથી જ વ્યવસ્થા મુજબ અનુસરણ કરવું દરેક વ્યક્તિ અને સમાજ માટે અત્યંત જરૂરી છે. જ્યારે લોકો કાયદા-કાનૂન અને નીતિ-નિયમો પર પાલન કરે છે તો વ્યક્તિગત્ અને સામૂહિક સ્તરે ઘણી બધી સમસ્યાઓ આપ-મેળે હલ થઈ જાય છે. એક વ્યવસ્થિત સમાજ એ હોય છે કે જ્યાં દરેક વ્યક્તિ પોતાની જવાબદારીઓને સમજે છે અને ફરજોને સારી રીતે અંજામ આપે છે, જેનાથી બીજાઓને પણ ફાયદો થાય છે.

વ્યવસ્થાની પાબંદી-પાલનથી દરેક વ્યક્તિને પોતાના જીવનમાં સરળતા અનુભવાય છે, કેમકે દરેક કાર્ય પોતાના સમય પર થાય છે. ટ્રાફિકની વ્યવસ્થા હોય અથવા શિક્ષણની, જ્યારે બધા જ લોકો નીતિ-નિયમો ઉપર અમલ કરે છે તો કોઈને પણ મુશ્કેલીઓનો સામનો

નથી કરવો પડતો. સમયનું પાલન, સમયનો ખ્યાલ અને બીજાઓના હક્કોનો આદર વિ. આ બધું જ વ્યવસ્થા પર પાલન કરવાના પરિણામ છે, પરંતુ યુનિવર્સિટી અને મદ્રસાઓની દુનિયામાં સામાન્ય રીતે આ જોવા મળે છે કે યુનિવર્સિટીમાં મોટાભાગે ગેટ પર એન્ટ્રી વખતે ગાર્ડ સાથે ચર્ચા કરવી અને આઈડી, કાર્ડ ન બતાવવો, લાયબ્રેરીમાં ઘોંઘાટ કરવો, જોરજોરથી વાત કરવી અથવા સૂઈ જવું કે જેનાથી લોકોને ખલેલ પહોંચે છે. આ જ રીતે કારણ વિના યુનિવર્સિટીની વસ્તુઓ સાથે છેડ-છાડ કરવી કે તેમને હાનિ પહોંચાડવી, હોસ્ટેલમાં રહેનારા પોતાના રૂમના સાથીનો પરસ્પર એકબીજાનો ખયાલ ન રાખવો, રૂમનો સાથી જો સૂઈ રહ્યો છે તો લાઈટ જલાવી તેને પરેશાન કરવો અથવા પછી પોતાના મિત્રોને બોલાવીને તેમની સાથે ગપશપ કરવામાં લાગી જવું. આવી જ રીતે ક્લાસમાં સામૂહિકતાની વિરુદ્ધ પોતાની વાત પર અડી જવું અને નિરાધાર વાતોને પોતાની ચર્ચાનું કેન્દ્ર બનાવવું. તમામ મિત્રોની વચ્ચે કોઈ મિત્રની ખોટી રીતે મજાક ઉડાવવી અને તેના સ્વાભિમાનને ઠેસ પહોંચાડવી.

આ તમામ અનૈતિક અને ખરાબ કાર્યો છે કે જેમનાથી બીજાઓના દિલ દૂભાય છે. અલ્લાહના રસૂલ ﷺએ ક્યારેય પણ કોઈના હૃદયને ઠેસ નથી પહોંચાડી છે. અલ્લાહના રસૂલ ﷺને નમૂનો માનીને આપણે પણ આ કામોથી બચવું જોઈએ, અને બીજાઓનો ખ્યાલ રાખવો જોઈએ. આવી જ રીતે આ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે વ્યવસ્થા વગર સમાજ છિન્ન-ભિન્નતાનો અને બેચેનીનો ભોગ બની જાય છે. દરેક વ્યક્તિ પોતાની મરજી મુજબ કામ કરે તો ફકત વ્યક્તિનું જ જીવન પ્રભાવિત થાય છે એટલું જ નહીં જ બલ્કે સમગ્ર સમાજ મુશ્કેલીઓમાં સપડાઈ જાય છે. આથી જરૂરી છે કે દરેક વ્યક્તિ વ્યવસ્થા મુજબ પાલન કરે કે તેનું અનુસરણ કરે, કે જેથી સૌને રાહત અને સુકૂન મળી શકે.

**કમજોરોને દબાવવા અને શક્તિશાળી લોકો સામે ઝૂકી જવું બન્ને ખોટું છે**

આપણા સમાજની ત્રાસદી આ છે કે શક્તિશાળી લોકો સામે ઝૂકવામાં આવે છે અને કમજોરો, મિસ્કીનો અને ગરીબોને દબાવવામાં આવે છે. આ બાબત કોમોને તબાહ અને બરબાદ કરી દેનારી છે. પરંતુ આપણી કોમ આ ઘાતક રોગની ભોગ બનેલી છે. સામાન્ય રીતે ઘરમાં કામ કરનારા નોકરો સાથે સખતી કરવામાં આવે છે. તેમને સતાવવામાં આવે છે. સમયસર પૈસા આપવામાં ટાળ-મટોળ કરવામાં આવે છે. વધારાના કામના વળતર પેટે કોઈ વધારાની રકમ પણ આપવામાં નથી આવતી. કેટલાક શિક્ષકો પોતાની તાકતનો દુરુપયોગ કરીને વિદ્યાર્થીઓ પર દબાણ નાખે છે અને પોતાના અહમ્ અને જિદના લીધે વિદ્યાર્થીઓને પરીક્ષામાં જબરદસ્તીથી નાપાસ કરે છે. આવી જ રીતે આજના યુગમાં કંપનીના માલિકો મજૂરોનું શોષણ કરે છે. તેમના પગારથી વધુ તેમનાથી કામ લે છે, અને તેમનું ધ્યાન રાખવામાં પણ ઢીલ કરે છે. આવી જ રીતે દરેક હોદ્દેદાર પોતાનાથી નીચેના લોકોને સતાવે છે. ડોકટરોનું દર્દીઓને પરેશાન કરવા, પોતાના આર્થિક, રાજકીય, સામાજિક ફાયદાઓ માટે તાકત સામે ઝૂકી જવું આપણા સમાજની કડવી હકીકત બની ગઈ છે. જ્યારે કે અલ્લાહ તઆલાને ત્યાં તમામ મનુષ્યો સમાન દરજ્જાને પાત્ર છે. કોઈને કોઈના પર કોઈ જ પ્રાથમિકતા પ્રાપ્ત નથી. ઉચ્ચતા ફકત તેને જ પ્રાપ્ત છે જે વધારે 'તકવા' વાળો (સયમી) છે.

**ખોટા અનુમાનોથી બચો અને સારી ધારણાઓથી કામ લો**

અનૈતિક કામોમાં એક કામ અનુમાનના આધારે ફેસલો કરવો પણ છે, જેમાં સમગ્ર સમાજની તબાહી સામેલ છે. આ જ કારણ છે કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : કેટલાક અનુમાન ગુનાહ હોય છે આથી આપણે વધારે પડતા અનુમાન કરવાથી બચવું જોઈએ, અને કોઈના વિષે ફેસલો કરવામાં અનુમાનથી કામ લેવું ન જોઈએ. મોટાભાગે આપણું વલણ પોતાના મિત્રો-સાથીઓ વિષે કેટલીક હદે જુદો હોય છે કે મારો ફલાણો મિત્ર આવો છે, એવું મારૂં માનવું કે અનુમાન છે. તેના વિષે વાસ્તવિકતાથી વાકેફ થયા વિના જમાનામાં તેને અપમાનિત કરીએ છીએ. આવી જ રીતે સૌને જૂઠા સમજવા, આરોપ તથા આક્ષેપ મૂકવા, એકબીજાની વચ્ચે નફરતના બી રોપવા, વિવાદોને વધારવા, સમાજમાં નકારાત્મકતાને ફેલાવવી વિ. આ તમામ કાર્યો માત્ર ધારણા કે અનુમાનોના આધારે જ કરવામાં આવે છે. આમના લીધે એક મજબૂત સમાજના મૂળ નબળા થઈ જાય છે અને અનૈતિક વાતાવરણ વિકસે છે.

**મામલાઓમાં સાવચેત રહો**

આપણા સમાજમાં એક અનૈતિક બુરાઈ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહી છે, જે સામાન્ય રીતે લોકો તેનો ભોગ

બનતા જઈ રહ્યા છે. લેણ-દેણની બાબતમાં નૈતિક રીતે પતન થતું જઈ રહ્યું છે, અને સમાજમાં તેનું નિરીક્ષણ કરી શકાય છે. પૈસા આપવાની બાબતમાં ઢીલથી કામ લેવાઈ રહ્યું છે અને પોતાના હિતને સર્વોપરી રાખીને સામાવાળાનું શોષણ કરવામાં આવે છે. ઘણી વખત રકમ આપ્યા વિના વસ્તુ માગવી અને વસ્તુ મેળવ્યા પછી પણ પૈસા ન આપવા અને ટાળ-મટોળ કરવી અને સામાવાળાને મુસીબત અને મુશ્કેલીમાં નાખવો. આવી જ રીતે કેટલાક મિત્રો સાથે કોઈ હોટલમાં ખાવાનું ખાય છે, તો ખાવાનું બિલ પરસ્પર વ્હેંચવાને બદલે કોઈ એક ઉપર બોજો નાખી દેવામાં આવે છે, જેથી તેને તકલીફ અને પરેશાની થાય છે. નૈતિક કાર્ય તો આ છે કે કામ કરતાં પહેલાં પૈસા ચૂકવવામાં આવે. ટાળ-મટોળ કરવાના બદલે કરેલા વાયદા પૂરા કરવામાં આવે. કોઈનું શોષણ કરવાના બદલે હમદર્દી અને પ્રેમની અભિવ્યક્તિ કરવામાં આવે, અને શક્ય હદે તેના કામ આવવામાં આવે. પોતાની નૈતિક જવાબદારીને સમજીને આ કામ કરવું આપણી સૌ પ્રથમ ફરજ છે.

ટૂંકમાં વાત આ છે કે આપ ﷺએ હંમેશા સૌને એક જ નજરે જોયા, અને ક્યારેય પણ કોઈની પણ સાથે ભેદભાવ નથી કર્યો. ધર્મ અને સંપ્રદાય કે કોમના ભેદભાવ વિના બીજાના કામમાં આવ્યા. મુસ્લિમ ઉમ્મતને પણ એક લાભદાયી અને ફાયદામંદ ઉમ્મત બનવાની તાકીદ કરી. આપ ﷺએ ફરમાવ્યું : તમારામાં સૌથી બહેતર એ છે જે લોકો માટે નફાકારક હોય. ઈમાનની પૂર્ણતા અખ્લાકે હસ્નહમાં છુપાયેલ છે. નબી ﷺનો ઈર્શાદ છેઃ પૂર્ણ ઈમાન એ ઈમાનવાળાનો છે કે જેના અખ્લાક (નૈતિકતા) સૌથી સારા હોય. એક બીજી હદીસમાં છેઃ તમારામાં શ્રેષ્ઠ વ્યક્તિ એ છે કે જેના અખ્લાક સૌથી સારા હોય. નૈતિકતાના ગુણમાં જ ઈમાની તાકતનું રહસ્ય છુપાયેલું છે. આથી જ અલ્લાહના રસૂલ ﷺએ ફરમાવ્યું : હું નૈતિક ગુણોની પૂર્ણતા માટે જ મોકલવામાં આવ્યો છું. આથી આપણા જીવનમાં રસુલુલ્લાહ ﷺના ચારિત્ર્ય-નૈતિકતાને લાગુ કરવા જોઈએ અને કુર્આની શિક્ષણને પોતાના અમલ-આચરણની વ્યક્ત કરવાની જરૂરત છે, જેનાથી લોકો એક હકારાત્મક અસર કબૂલ કરી શકે. આપણે લોકોના અખ્લાક (નૈતિકતા) તથા વ્યવહાર એવા જ હોવા જોઈએ. નબી ﷺના "ઉસ્વએ હસ્નહ" પર અમલ કરીને માનવતા અને મહાન ચારિત્ર્યના ઉદાહરણો રજૂ કરવાની જરૂરત છે. સત્ય, સચ્ચાઈ, મહેનત, ઈન્સાફ, ન્યાય અને ભાઈચારા તથા હમદર્દી જેવા ઉચ્ચ નૈતિક ગુણોનું દામન થામવું આપણી ઓળખ હોવી જોઈએ. •••



✍ સંપાદક મંડળ

# આત્માવલોકનના કારક



આત્માવલોકન (Introspection) અર્થાત્ સ્વયં પોતાને ઓળખવું અને ખુદ પોતાનું નિરીક્ષણ કરી સ્વયંને ઓળખવું. આ માનવ-પ્રકૃતિ છે કે એ હંમેશ અન્યોના ગુણો તથા દોષોનું અવલોકન કરે છે, પરંતુ પોતાના ગુણ-દોષ તેને ઓછા જ દેખાય છે. વિદ્વાનોનું કહેવું છે કે માનવીને સ્વયં પોતાના ગુણ અને દોષ વિષે વિચાર કરવો જોઈએ. આવું કરીને જ માણસ પોતાના અને દેશ તથા સમાજનો સાચા અર્થમાં વિકાસ કરી શકે છે. ત્રુટીઓ અને બૂરાઈઓનો ખાત્મો જ એક સાફ-સુથરા સમાજના નિર્માણની પ્રથમ શરત છે.

આત્માવલોકનનો અર્થ છે મનના સારા તથા ખરાબ વિચારોનું મનન કરવું અથવા નિરીક્ષણ કરવું માનવ શરીર ઈશ્વરની સર્વોત્તમ કૃતિ છે. મનુષ્યની પાસે એ શક્તિ છે કે જેનાથી એ આત્માવલોકન કરી શકે છે. આના માટે હૃદયની શુદ્ધતા સર્વોપરી છે. ચિત્ત શુદ્ધ હોવા પર મનુષ્યમાં આત્મજ્ઞાન આવે છે. મોટાભાગે મહાપુરુષોની પ્રસિદ્ધિ તથા સફળતા પાછળ તેમની આત્માવલોકનની ભાવના જ રહી છે. આ આત્માવલોકનની કોઈ સમય સીમા તથા સ્થાન નિશ્ચિત નથી. દરેક વ્યક્તિ પોતાના મુજબ આત્માવલોકન કરી શકે છે અને કરવું પણ જોઈએ આપણે આખા દિવસ દરમ્યાન શું સારા અને ખરાબ કે બૂરા કાર્યો કર્યા, તેમાં શું સુધારો થવો જોઈએ આ સંબંધે એકાંતમાં પોતાના મનમાં ઝાંકીને ચિંતન-મનન કરવું જોઈએ. સમયાંતરે આત્માવલોકન કરવું એક સારા માનવી બનવાની પ્રક્રિયા છે.

જેણે સ્વયંને જીતી લીધો. પોતાની અંદર ઝાંખીને જગત અને પોતાના જીવનના સત્યને સમજવું એ આપણા દર્શનની દેણ છે. સ્વયંને જાણીને જ જગતને જાણી શકાય છે. જે દિવસે મનુષ્ય આત્માવલોકનમાં સફળ થઈ જાય છે એ જ દિવસે તેની સમગ્ર બેચેની સમાપ્ત થઈ જાય છે એ જ દિવસે તેની સમગ્ર બેચેની સમાપ્ત થઈ જાય છે. આપણે વિદ્યાર્થીઓમાં પણ આત્માવલોકનની ભાવના જગાવવી જોઈએ. આનાથી તેમની વિવેક-બુદ્ધિ અને સ્મરણ શક્તિનો વિકાસ થશે. તેમનું ભવિષ્ય ઉજ્જવળ હશે. આજે દેશમાં વિદ્વાનો અને બુદ્ધિજીવીઓની અછત નથી. લોકો વિચારોના ધનિક છે પરંતુ સ્વયં પોતાના આચરણમાં મોટાભાગના લોકો નિર્ધન છે. માનવી ગમે તેટલું જ્ઞાન હાસલ કરી

લે, પરંતુ જ્યાં સુધી તેનું મન સ્વચ્છ નથી થઈ જતું ત્યાં સુધી તેના જીવનનો કોઈ અર્થ નથી.

આપણી અંદર છુપાયેલી બૂરાઈઓ અને સારપને આપણાથી બહેતર કે વધુ સારી રીતે કોઈ નથી જાણી શકતું. આપણી સ્વભાવિક બૂરાઈઓ જ આપણા પતનનું કારણ બને છે, જ્યારે કે આપણી અંદર ઉછરી રહેલી સારી ટેવો આપણને પ્રગતિ ભણી લઈ જાય છે. રોજની દિન-ચર્યામાં આપણે થોડોક સમય આત્માવલોકન માટે અવશ્ય કાઢવો જોઈએ કે જેથી આપણે પોતાની ઓળખ કરી શકીએ. પોતાની અંદર રહેલી કે છુપાયેલી ખૂબીઓને ઉભારીને બૂરાઈઓને દૂર કરવામાં જ આપણા જીવનની અસલ સફળતા છે.

આત્માવલોકન દ્વારા આપણે પોતાની પ્રગતિનો માર્ગ પોતે કંડારી શકીએ છીએ. પોતાની બૂરાઈઓને દૂર કરી સારપ/અચ્છાઈઓના માર્ગ પર ચાલતાં આપણે પોતાના જીવનને પૂરી રીતે સફળ બનાવી શકીએ છીએ. આપણી અંદર છૂપી બૂરાઈઓનો ખાત્મો કરી અચ્છાઈઓના માર્ગ પર આગળ વધવું જ આત્માવલોકન છે. પોતાના અંતર્મનને સાફ-સૂથરો રાખવા માટે જરૂરી છે કે દરેક મનુષ્ય પોતાનું પ્રતિદિન આત્માવલોકન કરે અને આના માટે થોડોક સમય કાઢે, પોતાને જાણે અને ઓળખે. કહેવામાં આવ્યું છે કે આત્મજ્ઞાન મહાજ્ઞાન અને આ જ્ઞાન આત્માવલોકન દ્વારા જ શક્ય છે.

હું એ સારો માનવી કેવી રીતે બનું? આ એક વ્યક્તિગત્ પ્રશ્ન છે અને આના પર જો હું અધ્યયન તથા વિચાર-વિમર્શ કરવા લાગું તો મારી બુદ્ધિમત્તામાં વૃદ્ધિ થશે. આ મારા આત્માવલોકનથી સંબંધિત પ્રશ્ન છે. હું એક સારો પિતા કેવી રીતે બની શકું ? એક સારો વેપારી કેવી રીતે બની શકું ? હું અલ્લાહનો એક સારો બંદો કેવી રીતે બની શકું ? ધર્મે કયા વિષયો પર આપણું માર્ગદર્શન કર્યું છે ? આ એવા કાર્યો છે જે વ્યક્તિગત્ જીવનમાં આપણી બુદ્ધિમત્તાનો વિકાસ કરે છે.

આ જ રીતે ઘરેલું જીવનમાં આપણે કેવી રીતે રહેવાનું છે ? દાંપત્ય-જીવનમાં પત્નીની સાથે આપણો વ્યવહાર કેવો હોવો જોઈએ? બાળકોનું સાચું શિક્ષણ અને પ્રશિક્ષણ કેવી રીતે થાય ? આ તમામ પ્રશ્નો મહત્ત્વપૂર્ણ છે અને આમના ઉત્તર આપણે શોધવાના હોય છે. આવી જ રીતે આપણું આર્થિક જીવન છે; અહીં પણ ઘણા પ્રશ્નો અને વહીવટથી જોડાયેલ સમસ્યાઓ આવે છે. અહીં પણ માર્ગ શોધવાના હોય છે અને સમાધાન કાઢવાના હોય છે. એક મસ મોટો ઢગલો/ખડકલો છે જે ઊભો છે. આપણા મનમાં આ પ્રશ્ન ઉદ્ભવે છે કે શું આપણો દેશ આમ જ ચાલશે ? આપણા દેશની જટિલ સમસ્યાઓ શું છે ? આ સ્થિતિ માટે કોણ જવાબદાર છે ? દેશની આઝાદીના જે સિત્તેર (૭૦) વર્ષ આપણને મળ્યા તેમનો આપણે કેવી રીતે ઉપયોગ કર્યો ? અહીં આર્થિક તંગી અને બેરોજગારીની સમસ્યા છે. અહીં મહિલાઓની સુરક્ષાની સમસ્યા છે. અહીં દલિતોથી સંબંધિત



સમસ્યાઓ છે. હવે જ્યારે આપણે આ સ્થિતિમાં પહોંચી ગયા છીએ તો અહીંથી નીકળવાના માર્ગો શું છે ? કેવી રીતે આપણે આ દેશમાં નૈતિક મૂલ્યોને પ્રોત્સાહિત કરી શકીએ છીએ. આ એવા પ્રશ્નો છે કે જેમના પર માણસ વિચાર-વિમર્શ કરે છે.

પછી આનાથી મોટા અન્ય પ્રશ્ન છે. આ સંસાર કેવી રીતે બન્યો ? આ સંસારને કોણે બનાવ્યો ? આ સંસાર ક્યાં સુધી ચાલશે ? ક્યારે સમાપ્ત થઈ જશે ? કોણ આને ચલાવે છે ? આપણે ક્યાંથી આવ્યા છીએ ? આ દુનિયામાં આપણું જીવન કેવું હોવું જોઈએ ? મૃત્યુ પછી આપણે ક્યાં જવાનું છે ? આ અને આવા ઉચ્ચ સ્તરના પ્રશ્ન છે. આ પ્રકારના જે પ્રશ્ન આપણા મન-મસ્તિષ્કમાં ઊભરે છે, વ્યક્તિગત્ સ્તરે, આર્થિક સ્તરે, પારિવારિક અને સામાજિક સ્તરે, આમના ઉત્તર કે ઉકેલ શોધવા માટે આપણે અધ્યયન તથા આકલન કરવાની આવશ્યકતા છે. વિચાર-વિમર્શ અને પરિચર્ચા કરવાની આવશ્યકતા છે. આપણા માટે આ જરૂરી છે કે જે કંઈ આપણે વાંચ્યું, જે કાંઈ આપણે સાંભળ્યું અને પ્રશિક્ષણોના માધ્યમથી જે કાંઈ પણ આપણે જાણ્યું તેના આધારે ઊંચા ઉઠાવીએ. આના માટે આપણે યોજનાબદ્ધ રીતે પ્રયાસ કરવો જોઈએ.

માનવી જ્યારે આ દુનિયામાં આવે છે તો તે એક શરીર, બુદ્ધિ અને એક આંતરિક વ્યક્તિત્વ, આત્માને લઈને આવે છે. શારીરિક વિકાસ તો આપ-મેળે થાય છે, પરંતુ બૌદ્ધિક વિકાસ માટે કંઈક કરવું પડે છે. શિક્ષણ દ્વારા માનવી દુનિયા વિષે જાણકારી હાસલ કરે, માનવી દુનિયા



વિષે જાણકારી હાસલ કરે છે. દુનિયા હરવા-ફરવા અને યાત્રા કરવાથી પણ ઘણું બધું શીખે છે. સમાજનું અધ્યયન કરવાથી પણ તેની બુદ્ધિમત્તાનો વિકાસ થાય છે.

બૌદ્ધિક વિકાસ, કે બુદ્ધિમત્તા કોને કહેવાય છે ? માનવી પોતાની આસપાસની દુનિયા પર બારીકાઈથી વિચાર કરે અને પ્રશ્ન ઉઠાવવાની યોગ્યતા પેદા કરે. પ્રશ્ન ઊભા કર્યા પછી પ્રશ્નોના ઉત્તર આપવાની યોગ્યતા પેદા કરે, અને ઉત્તર મેળવવા માટે શીખવાની યોગ્યતા પેદા કરે, આને જ બુદ્ધિમત્તા કહેવામાં આવે છે.

સામાન્ય રીતે આપણને જીવનના ચાર કાર્યક્ષેત્રોમાં બુદ્ધિમત્તાનો ઉપયોગ કરવો પડે છે. સૌ પ્રથમ આપણું વ્યક્તિગત જીવન હોય છે. બીજા ક્રમે પર આપણું ઘરેલુ જીવન છે. ત્રીજું આપણું આર્થિક જીવન અને ચોથા ક્રમે આપણું સામાજિક જીવન હોય છે.

આપણું કાર્ય આ છે કે આપણે આ જોઈએ કે બૌદ્ધિક સ્તરે આપણે ક્યાં ઊભા છીએ ? પ્રશ્ન ઉદ્ભવે છે કે આપણી બૌદ્ધિક યોગ્યતાનો વિકાસ કેવી રીતે થશે ? આના માટે વિભિન્ન જ્ઞાન-વર્ધક પત્ર-પત્રિકાઓ અને પુસ્તકોને વાંચવા જોઈએ. સમાજના જાણકાર અને બુદ્ધિમાન લોકોથી મળવું જોઈએ, તેમનાથી વાતચીત કરવી જોઈએ. આ તમામ બૌદ્ધિક વિકાસના માધ્યમ છે. યોજનાબદ્ધ રીતે અધ્યયન, ચિંતન-મનન, વિશ્લેષણ, વિવેચના અને વિમર્શના માધ્યમથી આપણી બૌદ્ધિક યોગ્યતાનો વિકાસ કરી શકીએ છીએ અને આત્માવલોકનની ક્ષમતા પણ

•••


Reg.No. A-7183

Google Reviews 4.8 ★★★★★

Top Rated Dental Clinic

Dr. Saba Baloch
B.D.S.
(Dental Surgeon)

# Dr. Saba Dental Clinic
**Multi Speciality Family Dental Care**

:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring |Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge |Prosthesis Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair

**Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm**
**Available on Emergency Trauma Cases +91 99983 60503**

Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com

✍ તબાના નૂરી

# વિક્ષિપ્ત મનનું બી

દરેક માનવીમાં વત્તા-ઓછા અંશે અહંકારની ભાવના અવશ્ય હોય છે. જેનામાં અહંકાર ન હોય એ સાધારણ માનવી નથી હોઈ શકતો. અહંકારના બળવત્તર હોવાના લીધે જીવન જટિલ અને કષ્ટદાયક થઈ જાય છે. અહંકારના ચક્રવ્યૂહને તોડવું સરળ નથી. પોતાને સર્વશ્રેષ્ઠ અને અન્યને તુચ્છ સમજવાની મનોવૃત્તિ મનુષ્યને અહંકારી બનાવી દે છે. જ્યારે મનમાં અહંકાર આવવા લાગે છે તો એ અહંકારની પાછળ પાછળ કેટલાય એવા વિચારો આપમેળે જ આવી જાય છે જે આપણને પતન ભણી લઈ જાય છે. અહંકાર વિક્ષિપ્ત મનનું બી છે, જેના ફળ અત્યંત દુઃખદાયક તથા ખતરનાક હોય છે.

પોતાની વાત પર અડયા રહેવું, પોતાને સાચો પુરવાર કરવો, ભૂલને સ્વીકારવી નહીં, ભૂલ માટે બીજાઓને જવાબદાર ઠેરવવા, હું ખરો છું એ ભ્રમ પેદા થઈ જવો, મારો ફાયદો કેવી રીતે થાય, મને લાભ કેવી રીતે પહોંચે; આ બધા પ્રારંભિક અહંકારના લક્ષણ છે, જે આગળ જતાં વિકરાળ રૂપ ધારણ કરી લે છે.

આથી જ દર્શન અને મનોવિજ્ઞાનથી જોડાયેલા વિદ્વાનો આને સંપૂર્ણપણે ખોટા બતાવે છે, અને પોતાની વિવેક-બુદ્ધિથી આ બૂરી ભાવનાને ત્યજવાની સલાહ આપે છે. દાર્શનિકોનું એવું માનવું છે કે જ્યારે અહંકાર બળવાન થઈ જાય છે, ત્યારે એ મનુષ્યની ચેતનાને અંધકારની પરત (પડ)ની જેમ ઘેરવા લાગે છે.

શરૂમાં તો આ ભાવ-આવેગ આપણા વશમાં હોય છે, પરંતુ સમય પસાર થતાં આ એટલો શક્તિશાળી થઈ જાય છે કે આપણે તેના સેવક બની જઈએ છીએ. આપણા સંપૂર્ણ કાર્યકલાપ જ અહંકારસ્પૂર્તિથી પ્રેરિત થવા લાગે છે. ધન, પદ-પ્રતિષ્ઠા અને યશ પામીને પણ આપણે અસંતુષ્ટ-અતૃપ્ત જ રહી જઈએ છીએ. અહંકારનો વણ-ઈચ્છયો પ્રભાવ આ છે કે લોકો તમને ના-પસંદ કરે છે, તે એટલે સુધી કે તમારાથી ડરે પણ છે. આ તમારૂં સન્માન છીનવી લે છે.

આપણે વારંવાર આ જ સાંભળીએ છીએ કે અહંકારનો ત્યાગ કરો. મહાપુરુષો દ્વારા પણ હંમેશાં આ જ વાત શા માટે દોહરાવવામાં આવે છે કે અહંકાર આપણને વિનાશ ભણી લઈ જાય છે. વિવિધ ધર્મ-ગ્રંથો પણ આપણને અહંકારથી દૂર રહેવાનું શિક્ષણ આપે છે, પરંતુ પ્રશ્ન ઉદ્ભવે છે કે અંતે આ અહંકારનો જન્મ કેવી રીતે થાય છે ? અહંકાર આવે છે ક્યાંથી? પ્રશ્ન આ પણ ઊભો થાય છે કે આનાથી મુક્તિનો માર્ગ શું છે ?

જાણકારોનું માનવું છે કે અહંકાર મનનો એક વિકાર છે કે જે મનુષ્યના મનમાં આપમેળે જ ઉપજે છે. હું તમારા કરતાં વધુ સારો છું, હું વધારે પૈસા કમાઉં છું, મારૂં ઘર મોટું છે, મારામાં

બુદ્ધિ વધારે છે, મેં વધારે પ્રવાસ કર્યો છે, મારામાં શક્તિ વધારે છે, હું વધારે સ્વાદિષ્ટ ભોજન બનાવું છું વિ.વિ. આ યાદી ઘણી લાંબી છે. શ્રેષ્ઠતાની આ ભાવના જ સમગ્ર અભિમાન અને અહંકારનું મૂળ છે.

અહંકારના ચક્રવ્યૂહને તોડવા માટે સર્વપ્રથમ સાચા મનથી વિનમ્રતા, સમર્પણ અને ત્યાગની સીડી પર પગ મૂકવો આવશ્યક છે. અહંકારથી છુટકારો મેળવવાનું સૌથી મોટું યંત્ર છે મૃત્યુ-બોધ. આપણે જે સુંદર શરીર સાંસારિક ઉપલબ્ધિ અને પદ-પ્રતિષ્ઠા પર ઘમંડ કરીએ છીએ, એ બધા જ ક્ષણભંગુર છે. તેમ છતાં આપણે તેમને મેળવવા માટે ખોટા કાર્યો કરવાથી નથી ચૂકતા. પરંતુ જ્યારે આપણી ભીતર આ અંતર્જ્ઞાન જાગી જાય છે કે મૃત્યુ જ જીવન-યાત્રાનો અંતિમ પડાવ છે તો અહંકારની ભાવના વિલુપ્ત થઈ જાય છે.

અહંકારનો રોગ બાહ્ય ચક્ષુઓથી નહીં, બલ્કે અંતર્મનની આંખોથી જોઈ શકાય છે. આથી આપણા માટે આપણા સચેત પ્રયાસથી અહંકારની નિરર્થકતાને સમજતાં તેને ત્યજવો ખૂબ જ આવશ્યક છે. ત્યાગ કરતા પહેલાં તેની નિરર્થકતાને સમજવી પડશે.

અહંકારથી બચવાનો એક અન્ય ઉપાય છે ઈશ્વરને યાદ કરવો. આપણે દરેક વખતે આ યાદ રાખવું જોઈએ કે ઈશ્વર બધું જુએ છે, તે એટલે સુધી કે વ્યક્તિના દિલોમાં શું છે તેને પણ એ જુએ છે. ધર્મનો જન્મ જ ત્યારે થાય છે કે જ્યારે અહંકાર વિલીન થવા લાગે. ધાર્મિકતા માટે નિરહંકારિતા અતિ આવશ્યક છે. અહંકાર ક્યારેય ધાર્મિક નથી હોઈ શકતો, તે ધાર્મિક હોવાનું પાખંડ કરી શકે છે.

નિરહંકારી થયા વિના ઊંચા પદો પર બિરાજમાન વ્યક્તિ લોકહિતની વાતો તો કરશે, પરંતુ લોકહિત-જનહિત ક્યારેય નહીં કરે. લોકહિત તેનાથી જ થઈ શકે છે જે નિરંહકારી હોય.

અહંકાર આપણને આસ્તિક (ધાર્મિક) હોવાના ગુણોને પામવાથી રોકે છે. અભિમાની વ્યક્તિ ન તો વિનમ્ર હોઈ શકે છે અને ન જ એ ઈર્ષાથી બચી શકે છે. એ સલાહ માનવાથી ઈન્કાર કરી દે છે અને મોટાભાગે પોતાના ક્રોધ કે ગુસ્સાને નિયંત્રિત કરવામાં અસમર્થ હોય છે.

ધર્મગ્રંથોમાં અહંકારના દુષ્પરિણામોથી લોકોને ચેતવવામાં આવ્યા છે. પવિત્ર કુર્આનમાં કહેવામાં આવ્યું છેઃ "કહેવામાં આવશે, દાખલ થઈ જાવ જહન્નમના દરવાજાઓમાં, અહીં તમારે હવે હંમેશ રહેવાનું છે, ખૂબ જ ખરાબ ઠેકાણું છે આ અહંકારી માટે." (સૂરઃ અઝ્ઝુમર, આયત-૭૨)

કુર્આનમાં અનેકાનેક જગ્યાએ ખૂબ જ સ્પષ્ટરૂપથી કહ્યું છે કે મનુષ્યે અહંકારથી દૂર રહેવું જોઈએ.

અને ધરતી પર તમે અકડીને ન ચાલો, કેમકે ન તો તમે ધરતીને ચીરી શકો છો અને ન તો લાંબા થઈને પર્વતને પહોંચી શકો છો."

કુર્આનમાં એક અન્ય સ્થાન પર કહેવામાં આવ્યું છે :

"અને લોકોથી મોઢું ફેરવીને વાત ન કર, અને ન જ ધરતી પર અકડાઈને ચાલ, હકીકતમાં અલ્લાહ કોઈ સ્વચ્છંદી અને અહંકારી વ્યક્તિને પસંદ નથી કરતો." (સૂરઃ લુકમાન, આયત-૧૮)

નિ:શંક, ઈશ્વર કોઈ અહંકારી વ્યક્તિને પસંદ નથી કરતો. આથી એક આસ્તિક (ધાર્મિક) પોતાના ચરિત્રથી અહંકારના લક્ષણોને દૂર કરવાનો પ્રયાસ કરે છે. એ હંમેશાં પોતાના વ્યવહાર પ્રત્યે સચેત રહે છે. જ્યારે વ્યક્તિનો અહંકાર દૂર થઈ જાય છે તો એ પોતાના સુવિચારો સાથે આત્માના ઊંડાણોની યાત્રા પર નીકળી પડે છે અને આ જ અનંત શાંતિનો માર્ગ છે. આપણ સૌને પોતાના જીવનમાં અભિમાન અને અહંકારના બદલે દયા અને કરૂણા લાવવી જોઈએ.

આપણે પોતાના ભીતર છુપાયેલા અહંકારના અંધારાને દૂર કરવાનો નિરંતર પ્રયાસ કરતા રહેવું જોઈએ કે જેથી આપણો લોક અને પરલોક બન્ને ઉજ્જવળ થઈ શકે. •••



માઇલ ખૈરાબાદી

# અડધી ભાગીદારી



એક રાજા હતો. તેને માછલી ખાવાનો ખૂબ શોખ હતો. તેણે ચોકીદારોને આદેશ આપ્યો હતો કે માછલી લાવનાર વ્યક્તિને રોકવામાં ન આવે અને તાત્કાલિક રસોડામાં મોકલવામાં આવે. રાજાના આ આદેશથી માછીમારોને મજા પડી ગઈ. તેઓ તાજી માછલી લાવતા. કોઈ ડર વિના રસોડામાં જતા. ત્યાં માછલી આપતા અને રાજા સમક્ષ હાજર થઈ મોઢે માંગેલી કીંમત મેળવતા અને ખુશી ખુશી ઘરે જતા.

ચોકીદારોને આ ગમ્યું નહીં. તેઓનો નિયમ અન્ય લોકો પાસેથી લાંચ લેવાનો હતો, લાંચ લીધા વિના કોઈને અંદર જવા દેવામાં ન આવતા. આ હરામની કમાણી ચોકીદારોને મોઢે લાગેલી હતી. તેઓ રસોઈયા સાથે સંમત થયા કે માછલી લાવનારા પાસેથી પણ કંઈક વસૂલ કરવામાં આવે.

હવે ચોકીદારો તે માછલી લાવનારને રોકી દેતા અને કહેતા કે રાજાનો આદેશ છે કે હવે એવી માછલી લાવો જે નર પણ હોય અને માદા પણ, નહીં તો તમારી માછલી રસોડા સુધી જઈ શકશે નહીં.

આ સાંભળી માછીમારો ચોંકી ઊઠતા. કહેતા, ‘‘ભાઈ એવી માછલી નથી હોતી જે નર અને માદા બંને હોય, માછલી નર અથવા માદા હોય છે. ’’ ચોકીદારો કહેતા, ‘‘અમે કશું જ નથી જાણતા. હવે તો માછલી એવી જ અંદર જશે. હાં, એક હાલત છે. રાજાથી જે કીંમત તમે મેળવો છો તેમાંથી અડધી અમને ચૂકવશો, તો અમે પોતે જ કહી દઈશું અને શાહી રસોઈયા પણ કહેશે કે માછી નર અને માદા બંને છે.’’

ઘણાં માછીમારો મૂર્ખ બની ગયા અને આ ખોટી વાત માની ગયા, અડધી કીંમત ચોકીદારોને આપવા લાગ્યા. પરંતુ આનો પરિણામ એ નીકળ્યો કે હવે દરેક પ્રકારની માછલીઓ આવવા લાગી. જયારે રાજા જમતો તો તેને હવે પહેલા જેવો સ્વાદ ન આવતો. તેને ખૂબ જ આશ્ચર્ય થયું.

હવે સાંભળો, એક માછીમાર ખૂબ જ સમજદાર હતો. તે માછલી લઈને ગયો. ચોકીદારોએ તેનાથી પણ અડધી કિંમત આપવાનો વાયદો લઈ લીધો.

જયારે તે માછીમાર રાજા સમક્ષ કીંમત લેવા હાજર થયો તો તેણે એક અજીબ વાત કહી. તેણે માછલીની કીંમત ૨૦૦ કોરડા જણાવ્યું. આ ખૂબ જ અનન્ય અને અનોખી કીંમત સાંભળીને રાજા આશ્ચર્યચક્તિ થઈ ગયો અને બોલ્યો, ‘‘અરે, તમે શું બોલી રહ્યા છો?’’ માછીમારે કહ્યું, ‘‘હું આ જ કીંમત લઈશ.’’ રાજાએ વિચાર્યું કદાચ તેનો દિમાગ થોડો ખરાબ છે. મજબૂર થઈને તેણે સૈનિકોને કહ્યું, ‘‘આ માનતો નથી તો તેને તમે ધીમે ધીમે ૨૦૦ કોરડા લગાવ.’’ જયારે ૧૦૦ કોરડા પૂરા થઈ ગયા તો માછીમારે કહ્યું, ‘‘હવે બસ, મને મારો ભાગ મળી ગયો, બાકી બચેલો ભાગ ચોકીદારનો છે.’’ આ સાંભળીને રાજાએ કહ્યું, ‘‘શું વાત છે?’’ માછીમારે કહ્યું, ‘‘ચોકીદારે મને વાયદો લઈને અંદર મોકલ્યો કે માછલીની કીંમતમાંથી અડધો ભાગ મારો છે.’’ રાજા આખી વાત સમજી ગયો. ચોકીદારને બોલાવી ૧૦૦ કોરડા જોરજોરથી લગાવ્યા અને માછીમારને ખૂબ પુરસ્કાર આપી રવાના કર્યો. •••


ઇસ્લામી સાહિત્ય પ્રકાશન (ગુજરાત)નું નવીન પ્રકાશન

# રાહે અમલ

વિખ્યાત આલિમે-દીન મૌલાના જલીલ અહસન નદવી રહ.એ સંકલિત કરેલ હદીસોનો લોકપ્રિય અને પ્રમાણિત હદીસ-સંગ્રહ 'રાહે અમલ' હવે સરળ અને ભાવપૂર્ણ ગુજરાતી અનુવાદ અને સંક્ષિપ્ત સમજૂતી સાથે ઉપલબ્ધ.

નબી કરીમ ﷺની હદીસોમાંથી ચૂંટેલ હદીસોનો ખજાનો, જેમાં વ્યક્તિગત અને સામૂહિક જીવનના દરેક પાસાથી સંબંધિત માર્ગદર્શન આપવામાં આવેલ છે.

₹ 250/-




**જે વ્યક્તિ પોતાની અને સમાજની સુધારણા ઈચ્છતો હોય તેના માટે અણમોલ પુસ્તક.**

**+91 878 066 1963**




**IF UNDELIVERED PLEASE RETURN TO :**

**Yuvasaathi (Gujarati Monthly)**

B-4, Karishma Complex, Sarani Society Corner,
132 ft. Ring Road, Juhapura, Ahmedabad -380055